Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रीडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिता: श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી, શોભે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. માગશર. સંવત ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૯ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

## अनुक्रमणिका.


૧ મન પ્રબોધક પદ... ... ... ૨૫૯
૨ બ્રહ્મચર્યની નવ વાડોનો ટુંક સારાંશ. ૨૬૦
૩ " વનં હિ સાત્વિકો વાસઃ "... ૨૬૪
૪ મહા પુરૂષનાં ઉત્તમ લક્ષણ. ... ૨૬૫
૫ અરિહંતાદિક નવપદનું યથાવિધિ સેવન–આરાધન કરવા પ્રેરક વચન. ૨૬૭
૬ જીવદયાના હિમાયતી ભાઇ બ્હેનોને પ્રસ્તાવિક બે બોલ. ... ... ૨૬૮
૭ પંચમા વ્રત ઉપર વિદ્યાપતિની કથા. ૨૭૩
૮ પાપસ્થાનક ચૌદમું (પૈશુન્ય–ચાડી) ૨૭૭
૯ ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર... ... ... ... ૨૮૧


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### श्री मलयगिरिजीकृत टीकायुक्त

# कर्मप्रकृति

### ( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઇને તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઇચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ખાતે આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડતર કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઇને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઇ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઇચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઇફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારા પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧-૭-૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. **તંત્રી.**

## નીચેના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખવામાં આવ્યા છે.

| | કિંમત. | પોસ્ટેજ. |
|---|---|---|
| ૧ શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨॥ | ૦।- |
| ૨ શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ૦। |
| ૩ શ્રી જ્ઞાનસાર ટીકાયુક્ત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ૦॥। | ૦)≡॥ |
| ૪ શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ૦)≡ |
| ૫ શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ૦। | ૦)- |
| ૬ શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ૦॥ | ૦)-॥ |
| ૭ શ્રીરત્નપાળ પંચાશિકા. ટીકા ગાર્થયુક્ત. | રૂ ૦)≡ | ૦)૩॥ |
| ૮ જ્ઞાનવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ૦)≡ | ૦)૩॥ |

For Private And Personal Use Only

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः यदीदृशभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां। न युक्त इह विदुषः प्रमादः। अतिदुर्लभेयं मानुषावस्था। प्रधानं परलोकसाधनं। परिणामकटवो विषयाः। विप्रयोगान्तानि सत्सङ्गतानि। पातभयातुरमविज्ञातपातमायुः। तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः। तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः। अतः स्वीकर्तव्यः सिद्धान्तः। सम्यक् सेवितव्यास्तदभिज्ञाः। भावनीयं मुण्डमालिकोपमानं। त्यक्तव्या खल्वसदपेक्षा। भवितव्यमाज्ञाप्रधानेन। उपादेयं प्रणिधानं। पोषणीयं सत्साधुसेवया। रक्षणीयं प्रवचनमालिन्यं। एतच्च विधिप्रवृत्तः संपादयति। अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं। सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं। प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि। यतितव्यमसंपन्नयोगेषु। लक्षयितव्या विस्रोतसिका। प्रतिविधेयमनागतमस्याः। भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः। विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः। तस्मादत्रैव यतध्वं यूयमिति॥ ।उपमितिभवप्रपञ्चा कथा।

પુસ્તક ૨૯ મું.  માગશર. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૫.  અંક ૯ મો.

# મન પ્રબોધક પદ.

**સંસાર સમજ લે શાણા, મુસાફરખાનું–એ રાગ.**

સહેજ શિખામણ મનવા, માની લે મારી.
પળવું પર પંથે એક દિન, દુનિયા વિસારી. **મનવા૦ ટેક.**
પરણકુટીના જેવી કાચી કાયાની માયા,
પવન ઝપાટે પળમાં ઢળી પડનારી. **મનવા૦ ૧**
સંભાળી પાળી પોષી પણ નહિ રહેનારી,
એક દિન જંગલમાં જઇને ડેરો દેનારી. **મનવા૦ ૨**
સેજ તળાઇ ફુલની ચાદર ખુંચે વહાલા,
શમશાને જઇને કરવી કાષ્ટ પથારી. **મનવા૦ ૩**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખોપરી હુણી આખર વાંસની ઘોડી વહાલી,
લાડી વાડી ને ગાડી નહિ આવે લારી. મનવા૦ ૪
શેરી તક નારી ચહે લગ સગાં ને સબંધી,
વળશે વળાવી કાયા ભસ્મ થનારી. મનવા૦ ૫
ભક્તિ કર પ્રભુની પ્યારા લે તું ભલાઇ,
**સાંકળચંદ** કુડી કાયા માટી થનારી. મનવા૦ ૬

# બ્રહ્મચર્યની નવ વાડોનો ટુંક સારાંશ

## બ્રહ્મવ્રતધારી ભાઈબ્હેનોના હિતમાટે પૂર્વ મહા પુરૂષોના વચનાનુસાર.

( લેખક સન્મિત્ર કર્પૂર વિજયજી. )

૧ બ્રહ્મચર્ય વ્રતના રક્ષાણાર્થે નીચે જણાવ્યા મુજબ **નિર્દોષસ્થાનમાં** નિવાસ કરવો અને બીજા પણ બતાવેલા નિયમો કાળજીથી પાળવા.

### " વાડ-પહેલી "

**જ્યાં સ્ત્રી, પશુ, પંડગ (નપુંસક) નો નિવાસ હોય ત્યાં શીલવ્રતધારી પુરૂષોએ રહેવું જોઇએ નહિ.** કેમકે તેથી સહેજે વ્રત વિરાધનાનો પ્રસંગ આવી બને છે. માટેજ જ્યાં વસતાં કામવિકાર ઉત્પન્ન થવા પામે નહિ એવાંજ સ્થાન બ્રહ્મચર્ય-ધારી સ્ત્રી-પુરૂષોએ રહેવા પસંદ કરવાં જોઇએ. અને એવાં નિર્દોષ સ્થાનમાં પણ બ્રહ્મ-વ્રતની રક્ષા માટે સાવધાનજ રહેવું જોઇએ.

**હેતુ**--જેમ વૃક્ષની ડાળ ઉપર વસતો વાનર એવી સંભાળથી રહે છે કે તેને ભૂમિ ઉપર પડી જવાનો પ્રસંગ ન બને, જેમ પાંજરામાં રહેતો પોપટ એવી સંભાળ રાખ્યા કરે છે કે પોતે મંજારના સપાટામાં આવી ન જાય, વળી જેમ સુંદરી (સ્ત્રી) જળનું ભરેલું બેડું શિર ઉપર છતાં તેને એવી યુક્તિથી સાચવી રાખે છે કે પડી ન જાય, તેમ બ્રહ્મવ્રતધારી પણ પોતાનું બ્રહ્મવ્રત લુંટાઇ ન જાય એ પવિત્ર હેતુથી મનને ગોપવી રાખે છે, પણ અન્ય સ્ત્રીપુરૂષાદિકને દેખી ચિત્તને ચળાવતા નથી. જ્યાં મંજારનો વાસો હોય ત્યાં મૂષક (ઉંદર) ની જાતને જોખમ લાગે છે તે રીતે સ્ત્રી પ્રમુખ-ના સંગથી બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ રહે છે. માટેજ જ્ઞાની પુરૂષોએ બ્રહ્મચર્યના રક્ષણ અનેપોષણ માટે નિર્દોષ સ્થાનમાંજ નિવાસ કરવો કહ્યો છે. એમ છતાં જે અજ્ઞ જનો આપમતિથી ઉક્ત આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે એ પ્રથમ વાડનો ભંગ કરે છે; એથી અનુક્રમે વિષય વાસના (કામભોગની ઇચ્છા) જાગે છે. અનેક પ્રકારની અનર્થકારી શંકા કંખા ઉપજે છે. કામવાસના પ્રબળ થવાથી ધાતુવિકાર થાય છે. જેથી અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના રોગ શરીરમાં પ્રગટે છે. મન વિષય–તૃષ્ણાવાળું બન્યું રહે છે અને તેમાંથી પાછું નિવર્તી શકતું નથી. જેથી પરિણામે પ્રાણી મરણાન્ત કષ્ટને પામે છે. પવિત્ર બ્રહ્મવ્રતની રક્ષા માટે જ્ઞાની પુરૂષોએ ઉપદેશેલી આ ઉત્તમ વાડનો આપમતિથી ભંગ કરતાં આવાં માઠાં પરિણામ આવે છે એમ સમજી સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ નિજ બ્રહ્મવ્રતની રક્ષા માટે ઉક્ત વાડનું યથાવિધ પાલન કરવા પૂરતી કાળજી રાખવી જરૂરની છે. બેદરકારીથી તેની વિરાધના તો કરવીજ નહિ.

## " વાડ બીજી "

૨. બ્રહ્મવ્રતની રક્ષા માટે મીઠે વચને કામ–કથા સ્ત્રી આદિક સમીપે કરવી નહિ. મીઠે વચને સ્ત્રી આદિક સન્મુખ કામ–કથા કરતાં સહેજે બ્રહ્મવ્રતની વિરાધના થાય છે.

**હેતુ**—જેમ જોસબંધ ચાલતા પવનથી મોટાં વૃક્ષ પણ પડી જાય છે તેમ ચિત્તની સમાધિને મટાડી અસમાધિ પેદા કરનારી કામ–કથા કરતાંજ કામ જાગે છે; તે માટે તેવી કામકથા કરવી ઉચિત નથી. જેમ લિંબુને દેખી દૂરથીજ ખટાશે કરી ડાઢા ગળે છે અને મેઘનો ગર્જારવ સાંભળીને જેમ દેડકવા ઉછળે છે તેમ સ્ત્રી પ્રમુખનાં વચન સાંભળતાં બ્રહ્મચારીનાં ચિત્ત બગડે છે, તેમાટે તેવી કથા કરવા જ્ઞાનીએ નિષેધ કરેલો છે.

## " વાડ ત્રીજી "

૩. બ્રહ્મચારી પુરૂષે જે શયન, આસન કે પાટ, પાટલા ઉપર સ્ત્રી બેઠી હોય તે ઉપર બે ઘડી લગી અને પુરૂષસેવિત શયનાદિક ઉપર બ્રહ્મવ્રતધારી સ્ત્રીએ ત્રણ પહોર લગી બેસવું નહિ.

**હેતુ**—જેમ કોહળા સંબંધી ગંધસંયોગથી કણક ( ઘઉંના લોટ ) ની વાક વિણશી જાય છે, તેમ અબળાદિકનું આસન આપમતિથી સેવતાં બ્રહ્મવ્રતધારી પુરૂષાદિક પોતાનું શીલવ્રત ગુમાવી બેસે છે. એથીજ જ્ઞાની પુરૂષોએ આ ત્રીજી વાડ પાળવા ફરમાવેલ છે.

## " વાડ ચોથી "

૪. બ્રહ્મવ્રતધારી જનોએ સરાગ દૃષ્ટિથી સ્ત્રી આદિકનાં અંગોપાંગાદિ નિરખીને જોવાં નહિ. કદાચ તેના ઉપર દૃષ્ટિપાત થયો હોય તો તત્કાળ દૃષ્ટિને ત્યાંથી પાછી ખેંચી લેવી, પણ ત્યાં થોડો વખત કે વધારે વખત ચોટાડી રાખવી નહિ.

**હેતુ**—જો નયન વિકાશીને સ્ત્રી આદિકનાં અંગોપાંગાદિક નિરખવામાં આવે છે તો તેમાં રઢ લાગે છે અને એથી કામવિકાર જાગે છે. આ રીતે વર્તતાં જીવ તેનો ભોગ–ઉપભોગ કરવા લલચાય છે અને એથી બ્રહ્મવ્રતનો ભંગ થાય છે. જેમ સૂર્ય સામે વધારે વખત નજરને ઠેરવી રાખતાં પોતાને હાનિ થાય છે—નયનનું તેજ ઘટે છે એમ જાણી નજરને પાછી ખેંચી લે છે; તેમ સ્ત્રી આદિકનાં અવયવોને પણ સરાગ દૃષ્ટિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરખતાં પોતાનું બ્રહ્મતેજ હીણું થાય છે. એમ સમજી ચિન્તામણિ રત્ન જેવા અમૂલ્ય બ્રહ્મવ્રતની રક્ષા નિમિત્તે સામાના લલચાવનારા હાવભાવ જોઇ તેમાં લલચાઇ જવું નહિ. નહિં તો તંદુલીયા મચ્છની પેરે પરિણામે માઠા અનર્થ ઉપજે છે. વિષયસુખ સેવ્યા વગર પણ તેની પેરે માઠા અધ્યવસાયવડે જીવ નરકાદિક દુર્ગતિને પામે છે.

"વાડ પાંચમી."

૫. જ્યાં ભીંત કે પડદાદિકને આથે સ્ત્રી પુરૂષ કામક્રીડા કરતા હોય ત્યાં બ્રહ્મવ્રતધારી સુજ્ઞ ભાઇ બ્હેનોએ વસવું, ઉભા રહેવું કે બેસવું નહિ.

**હેતુ**—તેવે સ્થળે રહેતાં સ્ત્રી આદિકનો કરૂણાજનક સ્વર, રૂદનાદિક, તેમજ કંકણાદિકનો અવાજ સાંભળવામાં આવે છે અને તેથી કામ જાગે છે. જેમ અગ્નિ પાસે લાખ અને મીણ એક ભાજનમાં ભરી રાખ્યાં હોય તો તે તરતજ ઓગળી જાય છે, તેમ તેવે સ્થળે રહેતાં સ્ત્રી આદિકના હાવભાવ દેખતાં તેમજ હાંસી અને રૂદનાદિકના સ્વર સાંભળતાં કામવિકાર મનમાં જાગે છે, જેથી શીલવ્રતની હાનિ થવા પામે છે. એ હેતુથી ઉક્ત વાડ ખાસ ઉપયોગી છે.

"વાડ છઠ્ઠી."

૬. પૂર્વે અજ્ઞાનપણે સેવેલી વિષયક્રીડા બ્રહ્મવ્રતધારીએ સંભારવી નહિ.

**હેતુ**—પ્રથમ અવ્રતીપણે જે કંઇ કામક્રીડા કરી હોય તેને સંભારતાં ફરી વિષયવાસના જાગવાનો ભય રહે છે. જેમ રાખમાં ભારેલા અગ્નિઉપર ઘાસનો પૂળો મૂકતાં તેમાંથી જ્વાળા નીકળે છે, તેમજ વળી જેમ પ્રથમ કરડેલા વિષધરનું વિષ છેક વરસ દહાડે સંભારતાં શંકાથી કરીને સંક્રમે છે; તેમ પ્રથમ વિલસેલાં વિષયસુખને સંભારવાથી શીલવંતને વ્યાકુળતાથી શીલની વિરાધના થાય છે, અને પછી ઘણોજ અસ્તો થાય છે. એથીજ ઉપકારી મહાત્માઓએ આ છઠ્ઠી વાડ સાચવવા ખાસ ભલામણ કરી છે.

"વાડ સાતમી."

૭. બ્રહ્મવ્રતધારીએ સ્નિગ્ધ—રસ કસવાળો—માદક આહાર કરવો નહિ.

**હેતુ**—સરસ ( રસકસ ભર્યો ) આહાર તથાપ્રકારના મજબૂત કારણ વગર આરોગતાં ઇંદ્રિયો માતી થાય છે. જેમ સન્નિપાતમાં દૂધ, ઘી વિગેરે સ્નિગ્ધ પદાર્થો વાપરવાથી વ્યાધિ અધિક ઉછાળા મારે છે તેમ પાંચે ઇંદ્રિયોને સરસ આહારથી પોષતાં વ્રતની વિરાધના થવા પામે છે. એવો આ સાતમી વાડનો હેતુ સમજી જેમ બને તેમ સાદા ખોરાકથી જ નિર્વાહ કરવો.

"વાડ આઠમી."

૮. ક્ષુધા શાન્ત થાય એથી અધિક આહાર (લુખ્ખો હોય તો પણ) બ્રહ્મવ્રતધારીએ લેવો નહિ.

**હેતુ**—અતિમાત્રાએ એટલે જરૂર કરતાં વધારે આહાર આરોગવાથી બહુજ ઉંઘ આવે છે, આળસ વધે છે અને શરીર ભારે થઇ જાય છે, જેથી સંયમધર્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરાધના થઈ શક્તી નથી; એટલુંજ નહિ પણ સ્વપ્નમાં શીલની વિરાધના પણ થઈ જાય છે, તેથી સંયમની યા શીલની રક્ષા કરવા ઇચ્છતા ભાઇ બ્હેનોએ આ વાડ પાળવાની બહુ જરૂર છે. જેમ એક શેરના ભાજનમાં દોઢ શેર ખીચડી ઓરીને ઉપર ઢાંકણું દેવામાં આવે તો એ ભાજન ભાંગે ( તૂટે–ફૂટે ) અને અંદરની ખીચડી પણ વેરાઇ જાય, એ રીતે અતિમાત્રાએ એટલે પ્રમાણ ઉપરાંત જમવાથી વ્રતમાં ઘણો બિગાડ થાય છે એથીજ નિર્વાહ પૂરતું પરિમિત ભોજન કરવું કહ્યું છે.

## " વાડ નવમી. "

૯ બ્રહ્મવ્રતધારીએ શરીરની વિભૂષા ( શૃંગારવડે શોભા ) કરવી નહિં.

**હેતુ**—સ્નાન, વિલેપન, સુગંધ, વાસ–ચૂર્ણ, ઘણાંજ ઉત્તમ ( ભારે કિંમતી ) વસ્ત્ર, તેલ; તંબોળ તથા ઉદ્ભટ–અણછાજતો વેષ એ સર્વ કામોદ્દીપક પદાર્થો સેવવાથી પોતાનાં અમૂલ્ય શીલ રત્નનો ઘાત થાય છે. જેમ કોઇ અણજાણ માણસ પોતાની બેદરકારીથી, પ્રાપ્ત થયેલા ચિન્તામણિ રત્નને ખોઇ બેસે છે તેમ પવિત્ર શીલ રત્નની રક્ષા કરવા જ્ઞાની પુરૂષોએ કહેલી હિતશિક્ષાને અવગણી સ્વચ્છંદપણે ચાલતાં એ અમૂલ્ય રત્નનો વિનાશ થઇ જાય છે. તેથી બ્રહ્મવ્રતધારીને એકાન્ત હિતકારી ઉક્ત વાડની રક્ષા કરવા પૂરતું લક્ષ રાખવાની જરૂર છે. તે સાથે નીચેની હકીકત પણ ધ્યાનમાં રાખી લેવી જોઇએ.

૧. બ્રહ્મવ્રતધારી ભાઈ બ્હેને એકલી નારી કે એકલા પુરૂષ સાથે માર્ગે જતાં વાર્તાલાપ કરવાનો પ્રસંગ છેડવો નહિ.
૨. એકજ પથારીએ શીલવંત બે પુરૂષોએ પણ સાથે સુઈ રહેવું નહિ; તેમજ ગાળ ભેળ દેવાની આદત પણ રાખવી નહિ.
૩. શીલવંતી સ્ત્રીએ સાત વર્ષ ઉપરાંતના પુત્રને સાથે (એક પથારીમાં) સુવાડવો નહિ.
૪. શીલવંત પુરૂષે સાડા છ વર્ષની પુત્રીને પણ પોતાની પથારીમાં સાથે સુવાડવી નહિ. તો પછી વધારે વયવાળાં બાલકોને સાથે સુવાડવાનું તો કહેવુંજ શું ?
૫. સ્ત્રી સંગે વિષયભોગ કરતાં ઉત્કૃષ્ટ નવ લાખ ગર્ભજ પંચેન્દ્રી જીવોનો ગર્ભમાંજ ઘાત થાય છે. એ ઉપરાંત અસંખ્યાતા સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યનો પણ ઘાત થાય છે. એમ સમજી શીલવંત ભાઇ બ્હેનોએ સાવધાનતાથી સ્વશીલરત્નનું રક્ષણ કરવું. તેમજ બીજા પણ ધર્મના અર્થી ભાઈ બ્હેનોએ અબ્રહ્મ–મૈથુન સેવનમાં જતાં મનને જ્ઞાનઅંકુશથી અટકાવવું ઉચિત છે. ઉપલી હકીકતથી અબ્રહ્મસેવામાં મોકળી વૃત્તિવાળા કેટલા બધા દોષના ભાગી થાય છે તે સ્પષ્ટ સમજાય તેવું છે. સર્વ વાતનું રહસ્ય એ છે કે ચિંતામણિ રત્ન જેવું બ્રહ્મવ્રત સાચવવા સર્વ રીતે પ્રયત્ન કરવો. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "वनं हि सात्त्विको वासः"

( લેખક સન્મિત્ર કર્પૂર વિજયજી. )

**એકાન્ત**— નિરૂપાધિક સ્થલનિવાસજ સાધક જનો માટે અધિક ઉપયોગી છે. સાધુ કોઇ શ્રેય: સાધક જનોને 'શરીરબળ, મનબળ અને હૃદયબળનું પોષણ આપનાર એકાન્ત–અરણ્યવાસ છે.'

જ્યાં ચિત્ત–સમાધિમાં ખલેલ પડે, જ્યાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો ઉભા થાય અને જ્યાં વસવાથી સંયમયોગમાં હાનિ પહોંચે એવા સ્થળમાં નિવાસ કરવો અથવા એવા ઉપાધિમય સ્થળ સમીપે વાસ કરવો એ સાધકજનો માટે હિતકર નથીજ. શાસ્ત્રકાર કહે છે કે—

**" હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત;**
**જન સંગી હોવે નહિં, તાતેં મુનિ જગમિત્ત. "**

અર્થાત્ લોક–પરિચય ( ગૃહસ્થ લોકો સાથે નિકટ સંબંધ ) જોડી રાખતાં સ્વહિત સાધક–સાધુ જનોને સંયમમાર્ગમાં ઘણી આડખીલો નડે છે ( ઉભી થાય છે ). ગૃહસ્થ જનો–સ્ત્રી પુરૂષોનો અધિક પરિચય કરવાથી સાધુ યોગ્ય સમભાવ–સમતા ટકી શકતી નથી; એટલે રાગ, દ્વેષ, મોહાદિક દોષો નિપજે છે; વિષય વાસના પણ ક્વચિત્ જાગે છે અને એથી જ્ઞાન–ધ્યાન બ્રહ્મચર્ય પ્રમુખ અનેક અમૂલ્ય ગુણ–રત્નોનો લોપ (નાશ) થાય છે. એટલે સાધુ સહેજે સત્ત્વહીન–શિથિલ આચારી થઈ જાય છે. બ્રહ્મચર્યવંત સાધુજનોને ભગવંતે જે નવ વાડો (બ્રહ્મ–ગુપ્તિ) બ્રહ્મચર્યની રક્ષા માટે પાળવા ફરમાવ્યું છે તે નવ વાડોમાં પણ મુખ્ય વાડ એ છે કે નિરવદ્ય (નિર્દોષ)–નિરૂપાધિક (સ્ત્રી પશુ પંડગ–નપુંસક વિગેરે વિષય વાસનાને જગાડનારાં કારણો વગરનાં) સ્થલમાંજ વિવેકસર નિવાસ કરવો. સંયમવંત–ચારિત્રપાત્ર સાધુજનોએ પ્રથમ આત્મ–સંયમની રક્ષા તથા પુષ્ટિ નિમિત્તે ઉક્ત દોષ વગરની–નિર્દોષ અને નિરૂપાધિક એકાન્ત વસતિ–નિવાસસ્થાન પસંદ કરવાની જરૂર છે. એથી સ્થિર–શાન્ત ચિત્તથી જ્ઞાન, ધ્યાન પ્રમુખ સંયમ કરણીમાં ઘણી અનુકૂળતા આવે છે. પણ અન્યથા વર્તવાથી (તથા પ્રકારના ઉપાધિ–દોષવાળા સ્થાનમાં વસવાથી) તો મન, વચનાદિક યોગની ચપલતા થઇ આવે છે એટલે કે ગૃહસ્થ લોકોના ગાઢ પરિચયથી, તેમની સાથે નાના પ્રકારના આલાપ સંલાપથી, તેમની સાથે નકામી અનેક પ્રકારની કુથલીઓ કરવામાં ભાગ લેવાથી તેમજ સુંદર આકૃતિવંત સ્ત્રી પ્રમુખનાં રૂપ શૃંગારાદિક દેખવાથી, મનગમતા શબ્દાદિ સાંભળવાથી, યથેચ્છિત સુગંધયુક્ત પદાર્થનું સેવન કરવાથી, મનગમતાં ભોજન કરવાથી અને સુકોમળ શય્યા પ્રમુખ ભોગવવાથી સાધુ જનોને સંયમમાર્ગમાં ક્ષોભ પેદા થાય છે. વિષયવાસના જાગવાથી મન ચંચળ અને મલીન થઇ જાય છે તેમજ મદિરાપાન કરેલાની જેમ લો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લવામાં પણ કશું ઠેકાણું રહેતું નથી–યદ્વા તદ્વા બોલી જવાય છે; અને એમ થવાથી અંતે સંયમધર્મની તેમજ શાસનની હીલના થાય છે. આ પ્રકારના બધા અનિષ્ટ દોષો સાધ્ય દૃષ્ટિ રાખી સંયમમાર્ગની રક્ષા અને પુષ્ટિ કરવાની પ્રબળ ઇચ્છા યોગે નિર્દોષ સ્થાનમાં વસવાથી અટકી શકે છે. આ બધી સાધક દશાની વાત છે. બાકી જેઓ સિદ્ધ યોગી છે–જેમણે પોતાનાં મન, વચન અને કાયાનું સમ્યગ્ નિયંત્રણ કરી દીધું છે તેવા પૂર્ણ અધિકારીની વાત જૂદી છે. કેમકે તેમને તો સર્વત્ર સમભાવજ પ્રવર્તે છે. **શ્રી જ્ઞાનસારમાં** કહ્યું છે કે "જેમને ત્રિકરણ યોગે મન વચન અને કાયા એ ત્રણેની એકાગ્રતાવડે સ્થિરતા છવાઇ ગઇ છે, તેવા યોગીશ્વરો સર્વત્ર ગામ, નગર કે અરણ્યમાં દિવસે તેમજ રાત્રે સમભાવેજ વર્તે છે." વળી કહ્યું છે કે, '**આતમદર્શીકું વસતિ, કેવળ આતમ શુદ્ધ**' એટલે કે જેઓ કેવળ આત્મનિષ્ઠ થયા છે, જેમને સ્વરૂપ–રમણતાજ થઇ રહી છે, જેઓ નિજ સ્વભાવમાંજ નિમગ્ન થઇ ગયા છે એવા સિદ્ધ-યોગી મહાત્માઓની વસતિ (તેમનું રહેઠાણ) તો નિજ શુદ્ધ આત્મપ્રદેશમાંજ હોય છે. તેમને અન્ય વિશિષ્ટ વસતિની વધારે દરકાર હોતી નથી. પણ સાધક જનોને તો તેની દરકાર રાખવાની જરૂર રહે છેજ. ઇતિશમ.

# महा पुरुषनां उत्तम लक्षण.

उदारस्तत्त्ववित् सत्त्व–संपन्नः सुकृताशयः ।
सर्वसत्त्वहितः सत्य–शाली विशदसद्गुणः ॥ १ ॥
विश्वोपकारी सम्पूर्ण–चन्द्र निस्तन्द्रवृत्तभृः ।
विनीतात्मा विवेकी यः स महापुरुषः स्मृतः ॥ २ ॥

(૧) ઉદાર ( Noble minded )–જેમનું મન મોટું હોય, જેને ક્ષુદ્ર જનોની પેઠે 'આ મારૂં–આ પરાયું' એવી તુચ્છ બુદ્ધિ ન હોય પણ જેને મન આખી આલમ કુટુંબરૂપ સમજાતી હોય તેવી ઉદાત્ત ભાવના રાખનારા સજ્જનો મહાપુરૂષની ગણનામાં ગણાય છે.

(૨) તત્ત્વજ્ઞ–સ્વબુદ્ધિબળથી સારાસાર, સત્યાસત્ય, હિતાહિત, કૃત્યાકૃત્ય, યાવત્ ગુણ દોષની પરીક્ષાપૂર્વક જે સાર, સત્ય, હિત કૃત્યને યથાર્થ સમજી આદરી શકે છે અને તેથી વિપરીતને મુંઝાયા વગર તજી શકે છે તે પૂર્વ પુન્ય યોગે પ્રાપ્ત કરેલ સ્વ-બુદ્ધિ બળને સાર્થક કરનારા મહાપુરૂષ કહેવાય છે.

(૩) સત્ત્વવંત––જે સ્વાશ્રયી એટલે સ્વપુરૂષાર્થનો સદુપયોગ કરનાર, કદાપિ તેનો દુરૂપયોગ નહિ કરનાર, ધાર્યું કામ કરવાની હિંમત ધરાવનાર અને આદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રેલા કાર્યનો અંતસુધી નિર્વાહ કરનાર હોય છે તે મહાપુરૂષની કોટિમાં આવે છે.

(૪) પવિત્ર આશય—જેના અધ્યવસાય (પરિણામ) બહુ સારા—નિર્મળ વર્તે છે એવા શુદ્ધ આશય—અધ્યવસાયવંત જનો મહાપુરૂષની ગણનામાં વર્તે છે.

(૫) સર્વસત્ત્વહિત—જે સર્વ કોઇ પ્રાણી વર્ગનું હિત—શ્રેય થાય તેમ મનથી, વચનથી તેમજ કાયાથી કરવા સદા સર્વદા સાવધાન રહે છે તે મહાપુરૂષ છે.

(૬) સત્યવંત—જે પ્રિય, હિત—પથ્ય એવુંજ સત્ય વચન વદે છે એથી ઉલટું વચન કદાપિ વદતા નથી; સત્યની ખાતર જે પ્રાણ અર્પે છે પણ સત્યની ટેક છોડતા નથી એવા ખરા ટેકીલા સમર્થ સત્યશાલી સજ્જનો મહાપુરૂષની ગણનામાં ગણાય છે.

(૭) નિર્મળ સદ્‌ગુણી—શ્રેષ્ઠ ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, પ્રમાણિકતા, નિઃસ્પૃહતા અને બ્રહ્મચર્ય પ્રમુખ સદ્‌ગુણધારી મહાપુરૂષ હોય છે.

(૮) વિશ્વોપકારી—અનેક કોટિગમે ઉપકાર કરવાવડે જે ત્રિભુવનને પ્રસન્ન કરે છે તેમ છતાં જે મનમાં લગારે ગર્વ ધરતા નથી અને પ્રત્યુપકાર (બદલા) ની કંઇ પણ દરકાર કરતા નથી તે મહાપુરૂષ કહેવાય છે.

(૯) સંપૂર્ણ ચંદ્રકાન્તિવત્ શુદ્ધ ચારિત્રવંત—સંપૂર્ણ ચંદ્રની કળાની પેરે જેની ચારિત્રકળા સંપૂર્ણ ઝળહળી રહી હોય છે, જેમને સર્વત્ર સમાનભાવ (સમરસીભાવ) જાગ્યો છે, જેથી પવિત્ર શાન્તરસમાં જે જાતે નિમગ્ન રહે છે અને અનેક ભવ્યાત્માઓને ખરી શીતતા પમાડે છે. કોઇને કદાપિ કિંચિત માત્ર અશાતા ઉપજાવતા નથી તે ખરેખરા મહાપુરૂષો કહેવાય છે.

(૧૦) વિનીત—શાસ્ત્ર પ્રસિદ્ધ **પંથક, સુનક્ષત્ર, સર્વાનુભૂતિ** અને **ગૌતમસ્વામીની** પેરે અથવા **ચંદનબાલા, મૃગાવતી** અને સતી **સુભદ્રાની** પેરે જે ગુણ ગુણી પ્રત્યે અત્યંત નમ્રતા ધારે છે તે મહાપુરૂષજ લેખાય છે.

(૧૧) વિવેકી—જેના હૃદયમાં સત્યાસત્યની વહેંચણ કરાવનાર સદ્‌વિવેક પ્રગટ્યો છે તેથી જે રાજહંસની પેરે દોષમાત્ર તજી દઇ ગુણમાત્ર ગ્રહી લે છે અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને વિચારી, ઉચિત માર્ગને આદરી, જે સ્વપર ઉન્નતિ સાધવા સદોદિત (સતત) પ્રયત્ન સેવ્યા કરે છે તે મહાપુરૂષની કોટિમાંજ ગણાય છે. એ રીતે મહાપુરૂષ યોગ્ય ઉત્તમ લક્ષણ જાણી આદરવા સુજ્ઞ ભાઈ બ્હેનોએ સતત્ પ્રયત્ન સેવવો, જેથી સ્વપર અભ્યુદય થવા પામે. **ઇતિશમ્.**

સુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आरिहंतादिक नवपदनुं यथाविध सेवन-आराधन करवा प्रेरक वचन.

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

" યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે;
તેહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે. "

**નવપદ પ્રકરણમાં** કહ્યું છે કે ભો ! ભો ! મહાનુભાવો ! દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ પામીને અને તે સાથે વળી આર્ય ક્ષેત્ર-ઉત્તમ કુળ વિગેરે પ્રધાન સામગ્રી પુન્યયોગે પામીને મહા અનર્થકારી પાંચ પ્રકારના પ્રમાદ (મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા ) જલદી તજી દઇ ઉત્તમ ધર્મ કરણી કરવા તમારે પુરૂષાર્થ ફોરવવો જોઇએ. તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શિયળ, તપ અને ભાવ ભેદે કરી ચાર પ્રકારનો કહેલો છે. તેમાં પણ ભાવની પ્રધાનતા વખાણી છે. ભાવસહિતજ કરવામાં આવતી ધર્મ કરણી દાન શિયળ તપ પ્રમુખ સઘળી સફળ કહી છે અને ભાવવગરની તેજ કરણી અલેખે થાય છે.

ભાવ પણ મન સંબદ્ધ છે અને આલંબન વગર મન અતિ દુર્જય છે; તેથી મનને નિયમમાં રાખવા માટે આલંબન ધ્યાન કહેલું છે. જો કે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં આલંબન વખાણ્યાં છે તોપણ તે સહુમાં નવપદ ધ્યાનજ મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮ ચારિત્ર, અને ૯ તપ, એ **નવપદ** વખાણેલાં છે. એ નવપદનું સવિસ્તર વર્ણન **નવપદ પ્રકરણ**માં કરવામાં આવેલ છે ત્યાંથી જાણી તત્સંબંધી સમજ મેળવી લેવી યોગ્ય છે. એ નવપદજ જગતમાં સાર છે તેથી તેનુંજ આરાધન કરવા અધિક લક્ષ રાખવાની જરૂર છે. એ નવપદમાં અરિહંતાદિક પાંચ ધર્મી એટલે ધર્માત્મા છે ત્યારે દર્શનાદિક ચાર ધર્મ છે. એ દર્શન ( સમ્યક્ત્વ ) જ્ઞાન પ્રમુખ સદ્ધર્મનું આરાધન કરવાથીજ ધર્માત્મા થઇ શકાય છે. જે જે અરિહંતાદિક થયા છે તે સહુ ઉક્ત ધર્મના આરાધનવડેજ થયા છે અને ભવિષ્યમાં પણ જે જે અરિહંતાદિક થશે તે પણ પવિત્ર ધર્મના આરાધનવડેજ થશે. એથી વર્તમાન કાળે પણ ભવ્ય જનોએ એજ પવિત્ર ધર્મનું આરાધન કરવા ઉજમાળ રહેવું ઉચિત છે. ધર્મ ધર્મી જનોમાં નિવસે છે, તેથી ધર્મનું આરાધન કરવા ઇચ્છનારે ઉક્ત અરિહંતાદિ ધર્માત્માઓનું દ્રઢ આલંબન લેવું અત્યંત જરૂરનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંતાદિક પવિત્ર ધર્માત્માઓના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપા પૂજનિક છે. જેમનો ભાવ પવિત્ર છે તેમનાજ નામ, સ્થાપના અને દ્રવ્ય પણ પવિત્ર છે પણ બીજાનાં નથી, તેથી અરિહંતાદિક પવિત્ર આત્માઓનું ભાવસહિત નામ સ્મરણ કરવાથી, તેમની શાશ્વત અશાશ્વત પ્રતિમાનાં દર્શનાદિ કરવાથી, તેમજ ત્રીકાળગત તેમનાં આત્મ દ્રવ્યને નમસ્કારાદિ કરવાથી આપણો આત્મા જાગૃત થાય છે એટલે એ અરિહંતાદિકમાં જેવા ઉત્તમ ગુણો છે તેવાજ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવા ઉજમાળ થાય છે. જે ગુણો અરિહંતાદિકને વ્યક્ત (પ્રગટ) થયેલા છે તેજ-તેવાજ ગુણો આપણા પ્રત્યેક આત્મામાં શક્તિરૂપે તો રહેલા છે. તે ગુણો કર્મના આવરણથી ઢંકાઇ ગયેલા હોવાથી પ્રગટ દેખી શકાતા નથી; પરંતુ એ પ્રગટ ગુણી અરિહંત પરમાત્માદિકનું દ્રવ્ય આલંબન લહી જો કર્મના સઘળા આવરણ દૂર કરી દેવામાં આવે તો પછી સ્વસત્તામાં રહેલા સમસ્ત ગુણો જેવા ને તેવા ઝળહળતા પ્રગટ થાય છે. એથીજ અવ્યક્ત ગુણી એવા આપણે વ્યક્ત ગુણી એવા અરિહંતાદિ પરમેષ્ઠીનું દૃઢ આલંબન લેવું ઉચિત છે. જે જે કાર્યો વિધિસહિત વિવેકપૂર્વક કરવામાં આવે છે તે તે અલ્પ શ્રમે અદ્‌ભૂત લાભ મેળવી આપે છે, એટલામાટે પવિત્ર ધર્મ કરણીનું સેવન કરનારે યથોચિત મર્યાદા પાલનરૂપ વિધિ સાચવવા અને યદ્વા તદ્વા કરવારૂપ અવિધિ દોષ ટાળવા ખાસ કાળજી રાખવી. ઇતિશમ્

# जीवदयाना हिमायती जैन तेमज जैनेतर भाइ व्हेनोने प्रस्ताविक बे बोल.

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

પ્રિય ભાઈ બ્હેનો ! તમે અનેક માંગલિક દિવસોમાં વિશેષે કરી દીન-દુઃખી અનાથ પશુ પંખીઓના દુઃખ દીલમાં ધરીને તેમને ગમે તે રીતે તેમનાં દુઃખમાંથી મુક્ત કરવા-કરાવવા તજવીજ કરો છો. તમારે ત્યાં પુત્રાદિકનો જન્મ થયો હોય છે, અથવા લગ્નાદિક શુભ પ્રસંગ આવે છે, તેમજ પર્યુષણાદિક મહા પર્વો જેવા માંગલિક પ્રસંગો ઉપર તમે ઉત્તમ કુળનો આચાર માની અથવા પવિત્ર ધર્મનું ફરમાન લેખી દુઃખી જાનવરોના જાન બચાવવા તેમજ તમારા દુઃખી માનવ બંધુઓને બનતી સહાય આપી સુખી કરવા કંઇ ને કંઇ પ્રયત્ન સેવો છો. એ તમારો પ્રયત્ન જો અધિક વિવેકપૂર્વક પ્રયોજાય તો તે સફળતાને પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી બુદ્ધિથી પ્રેરાઇને અત્ર પ્રસંગોપાત બે બોલ તમોને નિવેદન કરૂં છું. તે તમારા લક્ષમાં રાખી જેમ સ્વપરનું અધિક હિત સચવાય તેમ કરવા કરાવવા શુદ્ધ દીલથી તમે તથા તમારા સંબંધીઓ પ્રયત્ન સેવશો એમ હું આશા રાખું છું.

વ્હાલાઓ ! તમે દયાળુ છો અને અમુક શુભ-માંગલિક પ્રસંગો ઉપર અવશ્ય દીન-દુઃખી-અનાથ પશુ પંખીઓ વિગેરેનાં દુઃખ ટાળવા દ્રવ્યાદિક ખર્ચીને પણ કાળજી રાખો છો એમ સમજી કેટલાક અનાર્ય-નીચ-નિર્દય સ્વભાવના લોકો જેવા કે વાઘરી, કોળી તેમજ કસાઈ વિગેરે બિચારાં અનાથ પશુ પંખીઓને ગમે ત્યાંથી ક્રૂર રીતે જાળ નાંખીને કે બીજી લાલચ બતાવીને કે થોડાક પૈસા પણ ખર્ચીને પકડી લાવી તમારી નજર આગળ ખડાં કરે છે. અથવા બજારમાં વેચવા માટે ખુલ્લાં મૂકે છે, યા તેમના ઘર આગળ એકઠાં કરે છે, અને તમારા ભોળા દયાળુ સ્વભાવનો લાભ લઈ ને અનાથ નિરપરાધી પશુ પંખીઓનાં મનગમતાં દામ માગેછે. તમે તમારા ભોળા દયાળુ સ્વભાવથીજ તેવા નિર્દય લોકોને મનગમતાં (મોંમાગ્યાં) દામ આપી તે ક્રૂર લોકોએ આણેલાં પશુ પંખીઓને છોડાવી પોતાને કૃતાર્થ લેખો છો. જોકે આથી એ અનાથ પશુ પંખીઓને ક્ષણભર આશ્વાસન મળેછે ખરૂં; પણ પેલા નીચ નિર્દય દિલના લોકો તમારી પાસેથી લીધેલ પૈસાનો કેવો ગેરઉપયોગ કરે છે કે કરશે તેનો વિચાર સરખો પણ આપણા ભોળા સ્વભાવના બંધુઓ ભાગ્યેજ કરે છે અને તેથી પરિણામે જે મહા અનર્થની પરંપરા ચાલેછે તેના કારણિક કેટલેક અંશે આપણા ભોળા સ્વભાવના દયાળુ બંધુઓજ બનતા હોય એમ જણાય છે. પેલા નીચ નિર્દય લોકો પોતે મારફાડ કરીને કે થોડાક પૈસા ખર્ચીને આણેલાં એ અનાથ જાનવરોનું વખત વર્તીને-ગરજ સમજીને પુષ્કળ દ્રવ્ય લહી વેચાણ કરે છે અને એજ દ્રવ્યથી પાછાં એવા ને એવા અનાથ જાનવરો-પશુ પંખીઓને ઘણા મોટા પ્રમાણમાં (સંખ્યાબંધ) ખરીદીને કે ગમે તેવા નિર્દય રીતે જાળો વિગેરે નાંખીને પકડી લાવે છે અને પોતાનો એ નીચ ધંધો ધમધોકાર ચલાવી અનાથ પ્રાણીઓને અનેક રીતે ત્રાસ આપતા ત્રાહી ત્રાહી પોકરાવે છે. આ મુદ્દાની બાબત ઉપર દયાળુ ભાઇ બ્હેનોએ બહુ બહુ વિચાર કરી જેમ દુઃખી-અનાથ પ્રાણીઓ ઉપર આપણી ગેરસમજને લીધે નિર્દય લોકો તરફથી ગુજરતું ઘાતકીપણું અટકે અથવા ઓછું થાય તેવી રીતે વિવેકથી વર્તવાની જરૂર છે. અનાયાસે આપણા શરણે આવી ચઢેલા દીન-દુઃખી-અનાથ પ્રાણીઓનું દ્રવ્યનો ભોગ આપીને રક્ષણ કરવું એ આપણી ફરજ છે ખરી; પણ જે નીચ-નિર્દય સ્વભાવના લોકો જાણી જોઇને આપણા ભોળાપણાનો લાભ લઇ આપણી પાસેથી મનમાનતા પૈસા ઓકાવી પોતાનો ઘાતકી ધંધો વધારતા જતા હોય તેમને દરગુજરી અને મોંમાગ્યા પૈસા આપી તેઓએ જાણી જોઇને (ઇરાદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વક) આપણી નજરે આણી રાખેલા જાનવરોને છોડાવવા કરતાં તેનો વધારે વ્યાજબી (ન્યાયવાળો) રસ્તો લઈ જે ઘાતકી લોકો આપણી ધર્મની લાગણી જાણી જોઈને દુહવતા હોય તેમને કાયદાની રૂઈએ નશીયત પહોંચાડી તે અનાથ જાનવરો આપણે કબજે કરી લેવા અથવા તેમની ઉપર નાહક ગુજરતું ઘાતકીપણું અટકાવવું એ વધારે ઉચિત જણાય છે. તેમજ કસાઈ લોકોને જે કોઈ જાનવરો વેચતા હોય તેમનેજ તેમ કરતાં સમજણ આપીને અટકાવવા અથવા તો તે અનાથ જાનવરોને પરભાર્યાજ યોગ્ય કિંમતથી ખરીદી લેવાં ઉચિત છે. એ રીતે જાનવરોને મરતાં અટકાવી તેમને પોતાને કબજે લઈને પછી કેવી માવજતથી સાચવવા જોઈએ એ પણ ઓછી અગત્યની વાત નથી. આવાં અનાથ જાનવરોને આપણે બેદરકારીથી કેદખાનાની જેમ પાંજરાપોળ જેવા મકાનમાં કશી સગવડ કર્યા વગર ગોંધી રાખવા જોઈએ નહિ. કેટલાંક એવાં સ્થળોમાં તે બાપડાં અનાથ જાનવરો ગોંધાઈ ગોંધાઈને મરે છે. અથવા તેમાંના કોઈ સબળા જાનવરોથી નબળા જાનવરોનો કચડઘાણ નિકળી જાય છે અથવા તો રીબાઈ રીબાઈને તેનો નાશ થાય છે, તેમ નજ થવું જોઈએ. એમ કરતાં તો ઉક્ત જાનવરોને છુટાં છવાયાં રાખવાં અથવા ફરવા દેવાં ઠીક જણાય છે. હાલમાં આપણી ગણાતી પાંજરાપોળોમાં અનાથ જાનવરોને ઘણો ત્રાસ મળે છે એ જોઈને સહૃદય જનોને કમકમાટી છૂટે છે. આ બધી દેખરેખ રાખનારાઓની બેદરકારી બતાવે છે. તેઓ વેઠ જેવું કામ કરનારા અણઘડ નોકરો ઉપર એ કામ કરવાનું છોડી દે છે, અને પોતે તેની કશી સંભાળ લેતા નથી. તે દુઃખી જાનવરોની કેવી અને કેટલી માવજત થઈ શકે છે એનો ખરો ખ્યાલ તો નજરે જોનારનેજ વધારે આવે છે. આ ઉપરાંત અને આ કરતાં અત્યંત ઉપયોગી બાબત એ છે કે ગમે તેવા માંગલિક પ્રસંગો ઉપર પોતાના જે માનવ બાંધવો અને વિશેષે કરીને સાધર્મિક બંધુઓની સ્થિતિ કફોડી થયેલી જણાતી હોય તેમને યથાયોગ્ય મદદ આપીને સહાયરૂપ થવું જોઈએ. ગમે તેવા જાનવર કરતાં એક માનવ બંધુ અને એથી પણ એક સ્વધર્મી બંધુની જીંદગી વધારે કિંમતી છે. તેનું યથાયોગ્ય સહાયવડે રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. એની અત્યારે બહુધા ઉપેક્ષા કરાતી જોવામાં આવે છે તે બહુ ખેદકારક બીના છે. અત્યારસુધીમાં આપણે દ્રવ્ય દયા (અનુકંપા) આશ્રી કહ્યું છે. એથી આગળ વધતાં કહેવું જોઈએ કે ભાગ્યશાળી જનોએ માંગલિક પ્રસંગો પામીને પોતાના માનવ બંધુઓને અને તેમાં પણ વિશેષે કરીને પોતાના સ્વધર્મી બંધુઓને સમયોચિત વ્યાવહારિક અને ધાર્મિક કેળવણી આપીને ઉદ્ધરવા યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. કેટલાક ભોળા દીલના લોકો એવા માંગલિક પ્રસંગો ઉપર જોતજોતામાં જ્ઞાતિજમણ વિગેરે કરી સેંકડો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બલકે હજારો પૈસા ખર્ચી નાંખે છે. ત્યારે તેવે પ્રસંગે પોતાના જાતિ બંધુઓ તેમજ ધર્મ બંધુઓ કંઇક તેવીજ સંગીન સહાય મેળવી પોતાનું ભવિષ્ય સુધારી શકે એવી યોજના કરી આપવાનું લક્ષ કોઈ વિરલાનેજ હોય છે; છતાં એજ માર્ગ પ્રશંસાપાત્ર અને અનુકરણિય છે કે જેથી પોતાના માનવ બંધુઓનું તેમજ સ્વધર્મી બંધુઓનું જીવિત દ્રવ્ય ભાવથી સુધારી શકાય. આ છેલ્લું અતિ ઉપયોગી–ઉપકારક કાર્ય પાર પાડવા માટે સમયના જાણ નિઃસ્વાર્થી સાધુજનો (સજ્જનો)ની સલાહ લહી તદનુસારે યોજના કરવી જોઇએ. અને પ્રથમ જણાવેલી અનાથ જાનવરોની દયા વિવેક પૂર્વક કરવાને ઇચ્છતા સુજ્ઞ ભાઇ બ્હેનોએ શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના વ્યવસ્થાપકની તેમજ જીવદયાના હિમાયતી સુપ્રસિદ્ધ મી. લાભશંકર જેવાની સલાહ મેળવી ગમે તે માંગલિક પ્રસંગે ખર્ચવા ધારેલા દ્રવ્યનો વ્યાજબી વ્યય કરવા લક્ષ રાખવું જોઇએ. કેવળ યશ કીર્ત્તિનો લૂખો લોભ નહિ રાખતાં દુઃખી પ્રાણીઓની થતી કદર્થના મૂળથી દૂર કરવા તન, મન અને ધનથી સંગીન રીતે ઉદ્યમ કરવો જોઇએ. વળી બીજી આધુનિક પ્રજાઓ કરતાં આપણી પ્રજા કેમ પછાત પડતી જાય છે તેનાં ખરાં કારણો શોધી કાઢી તેને ઉન્નત સ્થિતિમાં આણવા ઘટતા ઉપાયો ચોંપથી લેવા જોઇએ. આપણામાં જે કોઇ માઠા રીત રીવાજો ઘુસી ગયા હોય તે બધાને દૂર કરવા અને ઉત્તમ રીત રીવાજોને દાખલ કરવા આગેવાન લોકોએ એક સંપથી ભગીરથ પ્રયત્ન સેવવો જોઇએ. મતલબ કે જીવદયાના હિમાયતી હરેકે પોતપોતાથી બનતો આત્મભોગ આપી ( સ્વાર્થ ત્યાગ કરી ) દુઃખી જીવોનાં દુઃખ નિવારવા માટે એવાં વિવેકસર પગલાં ભરવાં જોઇએ કે જેથી સ્વપરનું શ્રેય સિદ્ધ થઈ શકે. બાકી તો આ ચરાચર જગતમાં કોણ જન્મતું કે મરતું નથી. જીવિત તો તેમનુંજ લેખે ગણવું ઉચિત છે કે જેમનું હૃદય સામાનું દુઃખ જોઇ દ્રવી જાય છે અને સ્વબુદ્ધિ—શક્તિ અનુસારે ઉચિત રીતે તે દુઃખનું નિવારણ કરે છે.

અત્ર પ્રસંગે બીજા ક્ષુદ્ર જંતુઓની પણ બનતી કાળજીથી રક્ષા કરવાનું સ્મરણ કરાવવું ઉચિત લાગે છે. જાતે દયાળુપણાનો દાવો કરનારા ઘણાખરા ભાઇ બ્હેનોનાં મકાનોમાંજ સાફસુફ રાખવા–રખાવવા માટે ખજૂરીની કે એવીજ કોઇ તીક્ષ્ણ શસ્ત્ર જેવી સાવરણી વાપરવામાં આવે છે. એ કોઇ રીતે પસંદ કરવા જેવું નથી. એનાથી બાપડા અવાચક ક્ષુદ્ર જંતુઓનો ઘણોજ સંહાર થઈ જાય છે, જે બનતી તજવીજથી સારી સુંવાળી સાવરણી વિગેરેનાં સાધનથી આપણે ધારીએ તો અટકી શકે એમ છે. એવી સુંવાળી સાવરણીયો પણ કેટલાક દેશોમાંથી અલ્પ ખર્ચે મેળવી શકાય છે તો પછી શાસાટે તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપેક્ષા કરી જીવવાની ઊંડી આશા રાખી રહેનારા ક્ષુદ્ર જંતુઓનો નાહક સંહાર થવા દેવો જોઇએ ? જીવવાની લાગણી સહુ કોઇ જીવોને સરખી હોય છે એ આપણે વિસરી જવું જોઇએ નહિં. આપણે આપણા મગજમાં રાખવુંજ જોઇએ કે અન્ય જીવોને જેવી શાતા પમાડશું તેવી શાતા આપણને મળી શકશે. જીવિતને ઇચ્છિતા અન્ય જીવોને આપણામાં બુદ્ધિ-શક્તિ છતાં અશાતા ઉપજાવીને શાતાની આશા રાખવી એ નિરર્થક છે. આ ઉપરાંત દયાળુ ભાઇ બ્હેનો ધારે તો પોતાના તેમજ કુટુંબકબિલાદિકના કારણે અનેક શુભાશુભ પ્રસંગે પણ કેટલોક વગર ઉપયોગનો થતો ક્ષુદ્ર જંતુઓનો સંહાર અટકાવી શકે. ટુંકાણમાં કહેવાનું એ છે કે આપણા દયાળુ ભાઇ બ્હેનોએ જાતે કોમળ અંતઃકરણ રાખી એવું ઉમદા વિવેકવાળું વર્તન ચલાવવું જોઇએ કે જે જોઇને ગમે તેવા કઠોર દીલવાળા ઉપર પણ તેની સારી ઊંડી અસર થવા પામેજ અને વખતે તેઓ તેનું અનુકરણ પણ કરવા લાગે. એથી આપણું વર્તન કેવું નિર્દોષ ( આડંબર વગરનું ) અને સારભૂત ( પરમાર્થ-હિતાહિતની સમજ પૂર્વક કરાતું ) હોવું જોઇએ એ વિચારવાનું અને સદ્વિવેકથી સ્વબુદ્ધિ-શક્તિનો સદુપયોગ કરી કલ્યાણકારી માર્ગમાંજ પળવા સંબંધી પવિત્ર લક્ષ કરવાનું આપણા દયાળુ ભાઈ બ્હેનોને સ્વપર હિતાર્થે સૂચવી હાલ તો હું અહીંજ વિરમીશ.

અત્ર પ્રસંગે આપ્ત-આગમનાં થોડાંક પ્રમાણે ટાંકી શકાય એમ છે. "સર્વ કોઇ જીવો જીવિત ઇચ્છે છે, કોઈ મરવા ઇચ્છતા નથી; તેથીજ નિગ્રંથ-મુનિજનો ઘોર એવો પ્રાણીવધ કરતા નથી."

"સર્વ જીવોને આત્મ સમાન લેખતા સુસંયમવંત સાધુજનો કર્મબંધ કરતા નથી."

"ખરો જ્ઞાની-મહાત્મા એજ છે કે જે સર્વ જીવોને આત્મ સમાન ગણે છે, પરસ્ત્રીને માતૃતુલ્ય લેખે છે અને પરદ્રવ્યને પથ્થરતુલ્ય લેખે છે."

"ગમે તેટલું દ્રવ્ય દાનમાં દીધા કરતાં એકજ જીવને જીવિતદાન દેનાર ચઢી જાય છે." વિગેરે વિગેરે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पांचमा व्रत उपर विद्यापतिनी कथा.

પ્રથમના ચાર વ્રતના રૂપને જોવાના સારા અરિસા જેવા અતિ નિર્મળ પાંચમા વ્રતને ધીર પુરૂષોએ અવશ્ય અંગીકાર કરવું. આ પરિગ્રહના પ્રમાણ રૂપ પાંચમું અણુવ્રત અસંતોષાદિક દોષોરૂપી સર્પનું મોહરૂપ હાલાહલ વિષ ઉતારવામાં અમૃત સમાન છે, ક્રૂર સ્વભાવવાળી સંસૃતિ (સંસાર) રૂપી સ્ત્રીથી ભય પામેલા બુદ્ધિમાન પુરૂષને મુક્તિરૂપી સ્ત્રીનો મેળાપ કરવાનું સંકેતસ્થાન છે અને આ પરિગ્રહ પ્રમાણ નામના વ્રતરૂપી અદ્‌ભુત કલ્પવૃક્ષ **વિદ્યાપતિની** જેમ નિષેધ કરતા છતાં પણ અખુટ ધનને આપે છે. હે શ્રાવક બંધુઓ ! તેનું વૃત્તાંત તમે સાંભળો.

## વિદ્યાપતિની કથા.

**પોતનપુર** નગરમાં અત્યંત વૈભવવાળો **વિદ્યાપતિ** નામે એક પ્રસિદ્ધ ધનિક રહેતો હતો. તે સર્વજ્ઞનો સેવક (શ્રાવક) છતાં પણ જેમ જોશી લોકો ગ્રહ નક્ષત્રોની સંખ્યા ન કરી શકે તેમ પોતાના ઘરની લક્ષ્મીની સંખ્યા જાણતો નહોતો, અર્થાત્ અગણિત લક્ષ્મીવાળો હતો. તેને **શૃંગારસુંદરી** નામની સ્ત્રી હતી. તેણીના ગુણનો સમૂહ લોકોને સ્પૃહા કરવા યોગ્ય હતો, તથા તે જિનેશ્વરના શાસનરૂપી કમળવનમાં ભ્રમરી સમાન હતી. અનંતા લાભની ઇચ્છાવાળો તે શ્રેષ્ઠી સાત ક્ષેત્રમાં યથા અવસરે ધનનો વ્યય કરતો સતો પ્રયત્ને કરીને ધર્મનું પોષણ કરતો હતો. ધનને નિરંતર ઉપાર્જન કરતાં, સત્પુરૂષોના ઋણનો નાશ કરતાં, ધર્મની અત્યંત વૃદ્ધિ કરતાં, પાપને અત્યંત ઓછું કરતાં તથા સુખના કલ્લોલથી વ્યાપ્ત એવા દિવસોના સમૂહને નિર્ગમન કરતા તે શ્રેષ્ઠીની પાસે એકદા સ્વપ્નને વિષે કોઈક સ્ત્રી આવીને આ પ્રમાણે બોલી—"હે શ્રેષ્ઠી ! હું તારા ગુણની શ્રેણિથી વશ થયેલી તારા ઘરની લક્ષ્મી છું, તેથી તને કહું છું કે-દૈવથી ખેંચાયેલી હું તારા ઘરમાંથી આજથી દશમે દિવસે જતી રહીશ." તે સાંભળીને શ્રેષ્ઠી જાગ્યો, અને 'હું દરિદ્રી થઇશ' એમ જાણીને તે દુઃખી થયો. તે જોઇને મસ્તક પર બે હાથ જોડી શૃંગારસુંદરીએ તેને કહ્યું કે—"હે સ્વામી ! સૂર્યના રથમાં અંધકારની જેમ તમારા મુખ ઉપર મલિનતા કોઇ વખત જોઈ કે સાંભળી નથી, તે આજે કેમ દેખાય છે ? હે પ્રભુ ! તમે આજ સુધી મને સ્નેહે કરીને સર્વ સુખની ભાગીદાર કરી છે, અને આજે દુઃખનો ભાગ આપવામાં કેમ મને છેતરો છો ?" તે સાંભળીને તેણે પોતાની પત્નીને સ્વપ્નનું વૃત્તાંત કહ્યું. ત્યારે તે હાસ્ય કરતી સતી વિવેકરૂપી અમૃતની નદી સદૃશ વાણીવડે બોલી કે—"હે સ્વામી ! મોક્ષમાર્ગમાં ચાલતા જીવોને પગની સ્ખલના કરવામાં બેડી સમાન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગના ફળવાળા કર્મથી ચિરકાળ સ્થિર રહેનારી લક્ષ્મી સત્પુરૂષોના હૃદયને એક શલ્યરૂપ છે. વળી લક્ષ્મી મદિરાની જેમ મનુષ્યને મદોન્મત્ત કરે છે, તેથી જો તે જતી હોય તો ભલે જાય. પરંતુ મદનું મર્દન કરનાર એક વિવેકજ તમને ન તજો. લક્ષ્મીનું ફળ સુપાત્ર દાન છે, અને તે (ફળ) તમે ઘણું ગ્રહણ કર્યું છે. હવે દરિદ્રીપણાનું ફળ જે તપસ્યા છે, તેજ વિશેષે કરીને ગ્રહણ કરવા લાયક છે. મુક્તિમાર્ગની આડી-ત્યાં જવાને અટકાવનારી વાડ સમાન લક્ષ્મી જો કદાચ તમારા સારા ભાગ્યે ભાગી જતી હોય, તો હે નાથ! તે તો હર્ષનું સ્થાન છે; તેમાં તમે અતિ દુઃખ શા માટે ધારણ કરો છો? અથવા તો દાસીના જેવી લક્ષ્મી દશમે દિવસે શી રીતે જશે? કેમકે તે નવ દિવસ પર્યંત આપણને આધીન છે તેટલામાંજ તેને સાત ક્ષેત્રમાં વાવી ઘો; તથા પરિગ્રહ પ્રમાણ નામના વ્રતને અંગીકાર કરો, અને સંતોષને પોષણ કરતા સતા આ કાળ (સમય) ને નિર્ગમન કરો."

આ પ્રમાણે પ્રિયાની વાણીથી પ્રસન્ન થયેલા શ્રેષ્ઠીએ પ્રાતઃકાળનું કૃત્ય કરીને સાત ક્ષેત્રમાં પોતાનું સર્વ ધન અલ્પ સમયમાં વાપરી નાખ્યું. પછી શરીરને ઉપયોગી એવા અલ્પ પરિગ્રહને રાખીને મધ્યાહ્ન સમયે જિનેશ્વરની પૂજા કરી તે આ પ્રમાણે બોલ્યો કે—"હે તીર્થેશ! મારે શૃંગારસુંદરી ભાર્યા, એક શય્યા, બે વસ્ત્ર, એક પાત્ર, એક દિવસ ચાલે તેટલા આહારનો સંગ્રહ તથા પોતાને માટે અલ્પ મૂલ્યવાળી એક બેજ બીજી વસ્તુ હો, અને જિનેશની સેવા માટે તો ઘણી વસ્તુ પણ હો." આ પ્રમાણે પરિગ્રહનું પ્રમાણ કરીને પ્રમોદે કરીને નિર્મળ ચિત્તવાળા તે બુદ્ધિમાન શ્રેષ્ઠીએ ધર્મધ્યાનમાં તત્પર રહી તે દિવસ નિર્ગમન કર્યો. ત્યારપછી "ધન વિના પ્રાતઃકાળે યાચકોને મુખ શી રીતે દેખાડવું? માટે મધ્ય રાત્રીએ સર્વે જન સુતા હોય તે વખતે દેશાંતરમાં નીકળી જવું યોગ્ય છે." એ પ્રમાણે શૃંગારસુંદરીની સાથે વિચાર કરીને તે સુતો. પછી મધ્ય રાત્રીએ ઉઠીને દેશાંતર જવા તૈયાર થાય છે તેવામાં તેટલાજ લક્ષ્મીના સમૂહવડે પૂર્ણ થયેલું પોતાનું ઘર જોઇને તેનું ચિત્ત વિસ્મયવડે પ્રફુલ્લિત થયું, અને તેણે હૃદયથી વ્હાલી પ્રિયાને કહ્યું કે—"હે પ્રિયા! દશમે દિવસે દૈવથી ખેંચાયેલી આ લક્ષ્મી જશે, પણ હમણાં તો દેતાં છતાં પણ મારા ઘરમાંથી જતી નથી. લક્ષ્મીનું અદાન અથવા દાન તેની સ્થિરતા કે અસ્થિરતાને માટે નથી, તો પણ મૂઢ માણસો પોતાના આત્માને વિષે રૂઢ થયેલી કૃપણતાને ફોગટ વહન કરે છે. જો લક્ષ્મી દેતાં છતાં પણ જતી ન હોય, તો પછી તેને આપવીજ યોગ્ય છે, અને નહીં આપવાથી પણ રહેતી ન હોય તો પણ આપવીજ યોગ્ય છે." આ પ્રમાણે તે દંપતી વિસ્મય પામીને વાર્તાના રસના કલ્લોલમાં મગ્ન થયા. તેવામાં પીંગલ વર્ણવાળા અને રાત્રીરૂપી વલ્લીનો નાશ કરવામાં દાવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નળ સમાન સૂર્યે આકાશને આલિંગન કર્યું, અર્થાત્ પ્રભાત થયું. એટલે પહેલા દિવસ પ્રમાણે લક્ષ્મીનું દાન કરીને તથા દિવસને યોગ્ય એવી ક્રિયા કરીને પ્રતિજ્ઞા કરેલા પરિગ્રહવાળો અને પુણ્યે કરીને પૂર્ણ એવો તે શ્રેષ્ઠી સુઇ ગયો.

આ પ્રમાણે નવ દિવસ સુધી હાનિવિનાની લક્ષ્મીને દેતો તે શ્રેષ્ઠી કલ્પવૃક્ષની અધિષ્ઠાયિકા દેવીની પણ શ્લાઘાને પામ્યો (દેવીને પણ શ્લાઘા કરવા લાયક થયો). પછી "પૂર્વના પુણ્યરૂપી જળના પંકસમાન અને મુક્તિરૂપી માર્ગને દૂષણ કરનાર મારી લક્ષ્મીરૂપી જળનું પૂર આવતી કાલે સુકાઈ જશે તે બહુ ઠીક થયું" એમ ધારી જેનું મન પ્રસન્ન થયું છે એવો તે શ્રેષ્ઠી રાત્રીએ સુઇ ગયો. તે વખતે આનંદથી મનોહર દૃષ્ટિવાળી લક્ષ્મીદેવીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે-" પોતાના બળથી દૈવને દુર્બળ કરનારા અને અંતર્ગત ગર્વવાળા ઉંચા પ્રકારના દાનરૂપી સુકૃતોએ મને તારે ત્યાં સ્થિર કરી છે. હે સદ્બુદ્ધિવાળા! પ્રાણી અત્યંત પુણ્ય પાપના ફળને આ ભવમાંજ પામે છે, એ શાસ્ત્રવચનને તેં સત્ય કરી બતાવ્યું છે, તેથી હું કદાપિ તારા ઘરને છોડીશ નહીં. ઉત્તમ ભાગ્યની રચનાએ કરીને મને ઉત્સંગમાં રાખનારા હે શ્રેષ્ઠી! હવે મને તું ઇચ્છા પ્રમાણે ભોગવ." આ પ્રમાણે સાંભળીને નિદ્રા રહિત થયેલા તેણે પોતાની પ્રિયા પાસે રાત્રીના સ્વપ્નની કથા કહીને પ્રતિજ્ઞાનાં અદ્વિતીય લીલાસ્થાનરૂપ આ પ્રમાણે વચન કહ્યું કે-" હા! માત્ર ભોગરૂપી ફળવાળી લક્ષ્મીના દાનરૂપ વ્યસનવડે કરીને મુક્તિના ફળરૂપ તપ વિનાજ આપણો જન્મ વ્યતીત થશે, અને કદાચ લોભના સ્વભાવવાળું મન લોભની લીલાવડે ચપળતાને પામશે તો તે (મન) પાંચમા વ્રતના નાશને ઉત્પન્ન કરશે, તેથી આપણે ધનના સમૂહવડે પૂર્ણ આ ઘરને છોડીને કોઈ દેશાંતરમાં જઇએ, અને લક્ષ્મીના આગ્રહથી છૂટીએ." આ પ્રમાણે નિશ્ચય કરીને કમળથકી ભ્રમરની જેમ મધ્ય રાત્રીએ તે શ્રેષ્ઠી પ્રિયા સહિત લક્ષ્મીની ક્રીડાવડે કોમળ એવા ઘરમાંથી બહાર નીકળ્યો. કરંડીયામાં રાખેલી તીર્થંકરની પ્રતિમાને સાથે રાખી પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતો તે શ્રેષ્ઠી નગરના દ્વાર પાસે આવ્યો. તે સમયે તે નગરનો શૂર નામનો અપુત્રીઓ રાજા શુળના વ્યાધિથી મરણ પામ્યો હતો, તેથી મંત્રીઓએ હસ્તીરૂપ દીવ્ય કર્યું હતું. તે હસ્તી નગરના દ્વાર પાસે આવ્યો. અને તે શ્રેષ્ઠ હસ્તીએ પ્રિયાસહિત તે શ્રેષ્ઠીને મંગલ કલશના જલવડે અભિષેક કરી પોતાની સૂંઢવડે પોતાના પૃષ્ટપર બેસાડ્યો. એટલે ગજરાજના મસ્તક પર બેઠેલા તેને હર્ષ પામતા સચિવો મહોત્સવપૂર્વક રાજમહેલમાં લાવ્યા; પરંતુ તે શ્રેષ્ઠીને રાજ્યલાભથી જરા પણ હર્ષ થયો નહીં. કારણ કે ગૃહસ્થપણાની લક્ષ્મીરૂપ પંકમાંથી નીકળીને રાજ્યરૂપી મહા પંકમાં પોતાને પડેલો જાણી વાદળાંથી મુક્ત થયેલા ચંદ્રને રાહુથી ગ્રસ્ત થયેલાની જેમ તે પોતાને માનવા લાગ્યો. પછી તેને ભદ્રાસનપર બેસાડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીઓએ અભિષેકની તૈયારી કરવા માંડી, તેનો તેણે નિષેધ કર્યો. ત્યારે મંત્રીઓ વિલખા થયા. તે વખતે આકાશમાં આ પ્રમાણે દિવ્ય વાણી થઇ કે–" હજુ તારે ભોગ કર્મનું ફળ ઘણું બાકી રહેલું છે, તેથી રાજ્યલક્ષ્મીનો સ્વીકાર કરી હર્ષને અંગીકાર કર." આ પ્રમાણે પોતાના ભાગ્યદેવતાની વાણી સાંભળીને શ્રેષ્ઠ બુદ્ધિવાળા તે શ્રેષ્ઠીએ સિંહાસન પર શ્રી જિનેશ્વરની પ્રતિમા સ્થાપન કરી અને પોતે તેના પાદપીઠ પર બેસી હર્ષિત થયેલા ધર્મજ્ઞ મંત્રીઓ પાસે પોતાની ઉપર જિનેશ્વરના દાસપણાનો અભિષેક કરાવ્યો. પછી તે બુદ્ધિમાને પોતાના ભોગ જેટલો જ પરિગ્રહ રાખીને બીજી સર્વ વસ્તુ જિનેશ્વરના નામથી અંકિત કરાવી. પવિત્ર મનવાળો અને કૃત્યાકૃત્યને જાણનાર તે રાજા દરરોજ ઘણા વ્યયથી પ્રભુનો યાત્રોત્સવ કરાવવા લાગ્યો. તે રાજા પ્રભુને માટે ઘણા દ્રવ્યનો વ્યય કરતાં છતાં પણ પ્રજા પાસેથી કાંઇપણ લેતો નહીં. તેના કોષમાં તેની ભાગ્યદેવતા હમેશાં રત્નોની વૃષ્ટિ કરતી હતી.

"આ વિદ્યાપતિ ધર્મ ધ્યાનમાંજ તત્પર રહે છે." એમ જાણીને બીજા રાજાઓ તેને જીતવા માટે ઉદ્યમવંત થયા. તે વખતે જિનેશ્વરની પ્રતિમાના અધિષ્ઠાયિક યક્ષોએ તેમના સૈન્યમાં વ્યાધિ ઉત્પન્ન કરીને તેઓને નસાડી મુક્યા. ત્યાર પછી પોતાના બળવાન્ સૈન્યની તૈયારી અને શત્રુઓની શક્તિનું સ્તંભન જોઇને હર્ષવડે મનોહર આત્માવાળો વિદ્યાપતિ વિચારવા લાગ્યો કે–" અહો ! જે શત્રુ રાજાઓ ઇંદ્રની જેવા પરાક્રમને ભજનારા હતા, તેઓ પણ ધર્મના પ્રભાવથી દુષ્કીર્ત્તિના સ્થાનરૂપ થઈ વિલયને પામ્યા. મને અલ્પ પરિગ્રહવાળો અને નિરંતર જિનેશ્વરને સેવતો જાણીને ધર્મે મહાપરિગ્રહવાળા શત્રુઓને જીતવામાં સહાયતા કરી. તેથી જો કદાચ હું સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને તે જિનેશ્વરને સેવું તો અંતરંગ શત્રુના નાશમાં પણ તે ધર્મ જરૂર સહાયકારી થશે." આ પ્રમાણે વિચારીને તે વિદ્યાપતિએ શૃંગારસુંદરીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા **શૃંગારસેન** નામના પુત્રને પોતાને સ્થાને સ્થાપ્યો. અને પોતે **સંયમસૂરિ**ની પાસે ચારિત્ર અંગીકાર કરીને કલ્યાણમય આત્માને તપરૂપી અગ્નિવડે શુદ્ધ કર્યો. ત્યાર પછી તે વિદ્યાપતિ મુનિ આયુષ્યને પૂર્ણ કરી સ્વર્ગે ગયા. ત્યાંથી મનુષ્ય અને દેવના ભવ કરી પાંચમે ભવે મોક્ષપદને પામશે.

આ પ્રમાણે વિદ્યાપતિનું દૃષ્ટાંત જાણીને નિશ્ચળ ચેતનાવાળા ભવ્યજનોએ ધર્મની સ્પૃહાવાળા અને અલ્પ પરિગ્રહવાળા થવું.

॥ इति परिग्रहप्रमाणव्रतविचारे विद्यापतिकथा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक चौदमुं (पैशुन्य-चाडी.)

(શિરોહીનો સાલુહો હો કે ઉપર યોધપુરી-એ દેશી.)

પાપસ્થાનક હો કે આકરૂં, પિશુનપણાનું હોકે વ્યસન છે અતિ બુરૂં;
અશન[1] માત્રનો હો કે શુનક[2] કૃતજ્ઞ છે, તેહથી ભુંડો હો કે પિશુન[3] લવે પછે. ૧.
બહુ ઉપકરિયે હો કે પિશુનીને પરે પરે, કળહનો દાતા હો કે હોય તે ઉપરે;
દુધે ધોયો હો કે વાયસ[4] ઉજળો, કેમ હોયે પ્રકૃતે હો કે જે છે શામળો. ૨.
તિલહ તિલકણુ[5] હો કે નેહ[6] છે ત્યાં લગે, નેહ વિણકે હો કે ખળ[7] કહીએ પછે;
કેમ નિ:સ્નેહી હો કે નિર્દય હૃદયથી, પિશુનની વાતો હો કે નવી જાયે કથી. ૩.
ચાડી કરતાં હો કે વાડી ગુણતણી, સૂકે ચૂકે હો કે ખ્યાતિ પુણ્યતણી;
કોઈ ન દેખે હો કે વદન પિશુનીતણું, નિર્મળ કુળને હો કે દિયે તે કલંક ઘણું. ૪.
જિમ સજ્જન ગુણ હો કે પિશુને દુષિયે, તિમ તિણે સહેજે હો કે ત્રિભુવન ભૂષિયે,
ભસ્મે[8] માંજ્યો હો કે દર્પણ[9] હોય ભલો, સુજસ સવાઈ હો કે સજ્જન સુકુળતિલો. ૫.

**ભાવાર્થ**—હે ભવ્યજનો! આ પાપસ્થાનક દુ:ખે તજી શકાય એવું છે. ચાડી ખાવાની કુટેવ બહુજ ખરાબ છે. તેનું પરિણામ બહુજ અનિષ્ટ છે. બીજાનું બુરૂંજ ચિંતવનાર તેનું બુરૂં કરવા લાગ શોધતો આ પાપસ્થાનક સેવે છે અને એમ કરીને તે સામાને તેમજ પોતાને ભારે નુકશાન પહોંચાડે છે. સામાનું પુન્ય ચઢીયાતું હોય તો તેને તો આંચ આવતી નથી; પરંતુ પરનું ભુંડું કરવા ઇચ્છનારનું તો પ્રથમ ભુંડું થાય છેજ. તેથી આ દુર્વ્યસન જરૂર તજી દેવુંજ ઉચિત છે. જૂઓ! શ્વાનને લગારેક ખાવાનું આપ્યું હોય છે તો તેપણ આપનારનો ઉપગાર ભૂલી જતો નથી, ત્યારે ચાડીખોર, દગલબાજી રાખવાવડે એટલો પણ ઉપગાર માનતો નથી. તેથી તે કુતરાથી પણ કનિષ્ટ છે. મતલબ એ છે કે કુતરાને બટકું રોટલો નાંખેલો હોય તો તે નાંખનારને ભસતો કે કરડતો નથી; ત્યારે ચાડીખોર ખાય તેનુંજ ખોદે છે, તેની પાછળ ભસે છે અને લાગ ફાવે તો તેને કરડે પણ છે; માટે તેને શ્વાન કરતાં પણ ભુંડો કહ્યો તે યુક્તજ છે. વસ્તુતઃ તો તે કર્મ ચંડાળજ છે. ૧

ચાડીખોરને તમે ગમે તેટલું સંતોષો, ખાનપાન આપો, માન સન્માન આપો, કે ગમે તેટલો તેનીઉપર ઉપકાર કરો પણ ઉપર જતાં તે તમનેજ ક્લેશ-કંકાસમાં ઉતારશે. કાગડો સ્વભાવેજ કાળો હોય છે. તેને તમે દુધથી ધોવો તોપણ તે શું કદાપિ પણ ઉજળો થઇ શકશે? નહિજ. ૨

૧ ખાવાનું. ૨ કુતરો. ૩ ચાડીયો ૪ કાગડો. ૫ તલના દાણા. ૬ તેલ. ૭ ખોળ. ૮ રાખે. ૯ કાચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં સુધી **તલ**માં **તેલ** ( સ્નેહ ) હોય ત્યાંસુધી તો સહુ કોઇ તેને સંગ્રહે છે. પરંતુ જ્યારે તેમાંથી તેલ જુદું પડી ગયું, પછી તો તે બાકી રહેલો **ખળ** (ખોળ)ના નામથીજ ઓળખાય છે. એવી રીતે જેના હૃદયમાં સ્નેહ ( પ્રેમ ) નો છાંટો એ નથી તેમજ જે હૃદય અત્યંત કઠોર છે એવો **પિશુન** ( ચાડીયો ) કેવળ **ખળ** ( દુર્જન ) ના નામથીજ દુનીયામાં **ચાવો** ( **પ્રસિદ્ધ** ) થાય છે. તેવા દુર્જનનાં ચરિત્ર કથતાં કે સાંભળતાં સામાને કમકમાટી ઉપજે છે. ૩

બીજાનું અણહિત તાકી તેને કષ્ટમાં પાડવાથી ચાડી કરનારને ફાયદો શો થાય છે ? તે જણાવે છે. એવી કુબુદ્ધિ જાગવાથી ચાડી કરનાર પ્રથમ ગમે તેવો ગુણીયલ હોય તોપણ તેના સઘળા ગુણનો લોપ થઈ જાય છે, તેનાં સઘળાં સુકૃત્યોનો પણ ક્ષય થઇ જાય છે અને વધારામાં વળી તેનું મુખ અપમંગળિક માનીને કોઇ જોતું નથી. તેમ છતાં કદાચ કર્મયોગે જોવાઈ જાય તો જોનારનાં મનમાં ખેદ રહે છે અને કહે છે કે આજે આ પાપીનું મુખ ક્યાં જોયું ? એ અહિત કલ્યાણકરજ છે. ચાડીખોર પોતાનાં આવાં અપલક્ષણથી નિર્મળ કુળને પણ બહુ કલંકિત કરે છે. આ ઉપરાંત બીજો કોઇ તાત્ત્વિક લાભ તે મેળવી શકતોજ નથી. તેથીજ જ્ઞાની પુરૂષો તેવું દુર્વ્યસન તુરતાતુરત તજી દેવા આગ્રહ કરે છે. ૪

જેમ જેમ ચાડીયો સજ્જનના ગુણ તરફ દ્વેષભાવ ધરી તેને દૂષણ ચઢાવવા પ્રયત્ન કરે છે તેમ તેમ સજ્જનના ગુણ ઉલટા પ્રકાશિત થઈ સારી આલમમાં સહેજે વિસ્તાર પામે છે. ભસ્મ (રાખ)વડે માંજવામાં આવતો આરિસો શું અધિક પ્રકાશિત થતો નથી ? થાયજ છે. તેવી રીતે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા (મહા કુલીન) સજ્જનો પોતાના સ્વાભાવિક ગુણોવડે દુનીયામાં અધિકાધિક પ્રકાશિત (પ્રસિદ્ધ) થાય છે. ૫

સુ. ક. વિ.

**કિંચિત વિવેચન**— આ સઝાયનો ભાવાર્થ લખનાર સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજે એનો ભાવ યથાર્થ પ્રકાશિત કરેલો છે તેથી વિશેષ વિવેચન લખવા જેવું રહેતું નથી તેથી સ્વબુદ્ધિ અનુસાર કાંઇક લખવામાં આવે છે.

આ પાપસ્થાનક આકરૂં એટલા માટે જ છે કે તે એક જાતના વ્યસન રૂપ છે. કોઇ પણ જાતનું વ્યસન પડી ગયા પછી તે જેમ એકાએક છોડી શકાતું નથી તેમ આ વ્યસનરૂપ ચાડીયાપણું પણ ટેવ પડ્યા પછી છુટી શકતું નથી. કોઇની જરાપણ ઘસાતી વાત સાંભળી કે તે બીજાને કહી દેવાની જેને ટેવ હોય છે તે એક પાસેથી વાતો સાંભળીને પાછો સામા ધણીનેજ જઇને કહે છે કે 'તમારા સંબંધમાં અમુક માણસ આમ બોલતો હતો.' આમ કરે છે ત્યારે જ તેને નિરાંત વળે છે. અને આમ કહીને તે સામ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામા બંનેના દિલમાં પરસ્પર દ્વેષ, ઇર્ષા, અભાવ, અદેખાઇ ને ક્લેશ ઉત્પન્ન કરે છે; કારણ કે તે સામા માણસને કહ્યા પછી જો તે કાંઇ બોલે છે તો પાછો સામાને કહે છે; એટલે જેમ અગ્નિ સળગાવનાર માણસ સામસામી અગ્નિ સળગાવીને રાજી થાય તેમ આ દુષ્ટ સ્વભાવનો ચાડીખોર માણસ બે ભલા માણસો વચ્ચે–બે ગૃહસ્થો વચ્ચે–બે કોઇ સમુદાયના આગેવાનો વચ્ચે કે કોઇ બે માણસ અમુક કાર્ય મળીને કરતા હોય તેમની વચ્ચે ક્લેશ જાગે છે, અંતરનાં અભાવ ઉત્પન્ન થાય છે અને કાર્યનો વિનાશ થાય છે; ત્યારે પેલો ચાડી ખાનાર માણસ તે જોઇ રાજી થાય છે. આનું પરિણામ બહુ જ માઠું આવે છે. કેમકે તેવા ઇર્ષાભાવથી કુટુંબ ક્લેશ જાગે છે અથવા સમુદાયના કામનો વિનાશ થાય છે. ઉત્તમ જનોનું કર્તવ્ય તેથી ઉલટું જ છે. તેઓ તો કોઇપણ બે જણ વચ્ચે ક્લેશ થવા જેવું સાચેસાચું કારણ ઉત્પન્ન થયું હોય તો તેને પણ પ્રયત્નવડે દૂર કરી ક્લેશ થવા દેતા નથી અને સામુદાયિક કાર્ય નિર્વિઘ્ને થયા કરે અથવા અમુક સારૂં કુટુંબ સુખ શાંતિમાં રહે તેમ કરે છે.

ચાડી ખાવાની ટેવવાળો માણસ જેને ત્યાં બેસે ઉઠે છે, ખાયપીએ છે, આનંદ ભોગવે છે તેનીજ સાચી ખોટી વાત બીજા પાસે જઇને કહે છે; તેથી તેને કર્ત્તાએ શ્વાન કરતાં પણ કનીષ્ટ ગણ્યો છે. આવી ઉપમાથી પણ ડરીને જો એવી કુટેવ છોડી દેવામાં આવે તો બહુ ભાગ્યશાળી ગણાય તેમ છે.

બીજી ગાથામાં ચાડીખાનાર માણસને શ્વાન કરતાં પણ પક્ષીની જાતિમાં કનીષ્ટ ગણાતા વાયસની (કાગડાની) ઉપમા કર્ત્તા આપે છે. કર્ત્તા કહે છે કે–ચાડી ખાવાની ટેવવાળા માણસની ઉપર ગમે તેટલો ઉપકાર કર્યો હોય તોપણ તે માણસ ઉલટો ક્લેશનો આપનારજ થાય છે. ઉપકારનો બદલો અપકારમાં કેમ વાળવો તે આવી કુટેવવાળો માણસ બહુ સારી રીતે જાણે છે. એવા માણસને આ દુર્વ્યસનના શિક્ષક તરીકે કહીએ તો ચાલી શકે તેમ છે. તેવા માણસને માટે સુધરવાનોજ અનવકાશ બતાવવામાં આવે છે. એટલે જેમ કાગડો ગમે તેટલા દુધે ધોવાથી પણ ઉજળો થતો નથી તેમ તે ચાડીખોર માણસ પણ શીખામણ આપવાથી કે કહેવા સાંભળવાથી સુધરતોજ નથી.

આગળ જતાં કર્ત્તા કહે છે કે તલના કણીઆને (દાણાને) **તીલ** ત્યાંસુધીજ કહેવામાં આવે છે કે જ્યાંસુધી તેમાં **સ્નેહ** એટલે તેલ હોય છે. પણ જ્યારે તેને પીલી તેમાંથી તેલ કાઢી લેવામાં આવે છે ત્યારે પછી તે તીલ કહેવાતો નથી; તેનું નામજ ફરી જાય છે. તે **ખળ** અર્થાત્ ખોળ કહેવાય છે અને મનુષ્યનું ભક્ષ મટીને પશુનું ભક્ષ થાય છે. તેમજ સારો માણસ પણ જો પૈશુન્યપણું કરે તો તે પછી **સજ્જન** કહેવાવાને બદલે **ખળ** કહેવાય છે. ખળની ઉપમા પણ મનુષ્યને માટે ઘણી કનીષ્ટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ત્તા કહેછે કે પિશુનીનું હૃદય નિઃસ્નેહી અને નિર્દય હોય છે: તેથી તેની વાત કહી જાય તેમ નથી. અર્થાત્ તેને માટે શું શબ્દો વાપરવા? તેજ લક્ષમાં આવતું નથી.

વળી આગળ જતાં કહેછે કે ચાડી કરવાથી ગુણની વાડી તમામ સુકાઇ જાય છે. અર્થાત્ તેનામાં કોઇ પ્રકારનો ગુણ રહેતોજ નથી. એટલાથીજ બસ થતું નથી; પણ જેમ અતિ કૃપણ પુરૂષનું કે વંધ્ય મનુષ્યનું મુખ પ્રાતઃકાળમાં માણસો જોતા નથી તેમ પિશુનીનું મુખ પણ પ્રભાતમાં કોઇ જોતું નથી અને તે પોતાના અને જેની ચાડી ખાય છે તેના બંનેના ઉત્તમ કુળને કલંકિત કરે છે. જો કે વાસ્તવિક તો તેનું પોતાનું કુળજ કલંકિત થાય છે.

જેમ જેમ સજ્જનના ગુણોને પિશુની દૂષિત કરે છે તેમ તેમ તે ગુણના સહજ પ્રકાશથી આખું ત્રિભુવન ભૂષિત થાય છે. આ દુનિયાના ભૂષણજ સજ્જનો છે. તેઓ તો પિશુનના દોષ લગાડવાથી ઉલટા વધારે પ્રકાશી નીકળે છે. પેલો વાંકુ બોલતો જાય છે ત્યારે તેઓ ઉલટા જાહેરમાં આવે છે અને તેના ગુણ ઢાંકયા રહ્યા હોય છે તે બહાર આવે છે. આ સંબંધમાં ભસ્મે માંજેલા દર્પણની તેને ઉપમા આપે છે કે ' દર્પણની ઉપર ભસ્મ લગાડવાથી તે મેલો થતો નથી પણ ઉલટો વધારે ઉજ્વળ-પ્રકાશિત થાય છે.' કુળવાન સજ્જનો પણ તે ઉપમાનેજ યોગ્ય છે. અને તેવા ચાડીયાઓથી તેઓની ઉલટી સવાઈ થાય છે, યશ પણ વૃદ્ધિ પામે છે અને પોતાના સત્કાર્યમાં પણ તેઓ ઉલટા વધારે ઉત્સાહી બને છે. આ ગાથામાં પ્રાંતે કર્ત્તાએ **સુયશ** શબ્દથી પોતાનું **યશોવિજય** નામ પણ સૂચવ્યું છે.

આ સઝાયનો ભાવ ખાસ મનન કરવા લાયક છે. તેવી કુટેવ પડી હોય તો અટકાવવી અને ન પડી હોય તો પડવા ન દેવી. એક બીજાની સારી નરસી વાતના સાંધા કરવા નહીં. કોઇની પણ ખરાબ વાત સાંભળવામાં આવે કે કોઈનું કોઈ ઘસાતું કે વાંકું બોલતું હોય તો તે સાંભળીને બીજાને કહેવાની ટેવ રાખવી નહીં. ઉત્તમ પુરૂષો તો કોઈના સદ્ગુણની, કોઈની ઉદારતાની, કોઇની પ્રશંસાની એવી વાતોજ બીજાને કરે છે. બીજી અનીષ્ટ વાતો સાંભળતા નથી, કદી સાંભળવામાં આવે છે તો તેને હૃદયમાં ધારણ કરતા નથી અને તેવી વાત બીજાને કહેવાની તો પ્રતિજ્ઞાવાળાજ હોય છે. માટે દરેક સુજ્ઞ બંધુઓએ સજ્જનમાં ખપવા માટે એવી ભલી ટેવ રાખવી અને બુરી ટેવ છોડી દેવી. એજ આ સઝાયનો ઉંડો ને વિસ્તારવાળો ભાવાર્થ છે. ઇત્યલમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंदराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ઠ ૨૪૬ થી. )

## પ્રકરણ ૧૨ મું.

વિમળાપુરીમાં પ્રેમલાને પરણીને પછી સિંહળ રાજાએ શીખ આપવાથી અને હિંસક મંત્રીએ તાકીદે નીકળી જવાની પ્રેરણા કરવાથી તેમજ પોતાને પણ માતા વૃક્ષપર બેસીને ચાલ્યા જશે તો રહી જવાનો ભય હોવાથી ચંદરાજાએ સિંહળના મકાનમાંથી નીકળી વૃક્ષના કોટરમાં પેસી માતાની સાથે આભા નગરી તરફ પ્રયાણ કર્યું. પાછળ પ્રેમલાલચ્છીનું શું થયું ? તે જાણવાની વાંચકોને જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે અને તે જિજ્ઞાસા પૂર્ણ કરવી એ અમારૂં કામ છે.

જ્યારે ચંદરાજા કાંઇક મિષ કરી સિંહળના મકાનમાંથી બહાર નીકળ્યા તે વખતે પ્રેમલા તેની પાછળજ નીકળતી હતી; પરંતુ તે વખતે હિંસક મંત્રીએ આડા ઉભા રહી તેને વારી એટલે પહેલેજ દિવસે સાસરે આવેલી પ્રેમલા વડીલ પુરૂષથી શરમાઇને પતિની પાછળ જતાં પાછી વળી. પણ તે મનમાં સમજી ગઇ કે જરૂર મારા પતિએ મને છેહ દીધો છે અને તે કાંઇક ચાલ્યા ગયા છે. જેમ જેમ વખત જતો ગયો અને પતિ ન આવ્યા તેમ તેમ તેના મનમાં પડેલો સંદેહ દૃઢ થતો ગયો. તેણે જાણ્યું કે— " આ કોઇ ઉત્તમ પુરૂષ બાજીગરની જેમ બાજી ખેલીને જતા રહ્યો છે, વિમળાપુરીમાં સોળ કળાએ સંપૂર્ણ ચંદ્ર ઉગ્યો હતો તે અસ્ત પામ્યો છે અને હું તેનો સંકેત કાંઈ સમજી શકી નથી. "

પ્રેમલા આ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરે છે તેવામાં હિંસકે કનકધ્વજ કુમારને તેની પાસે જવા પ્રેરણા કરી; એટલે તે હોંશે હોંશે પ્રેમલા પાસે તેના એકાંત હોલમાં ગયો. દૂરથી કોઈ પુરૂષને આવતો જોઇ પોતાના પતિ આવે છે એમ માની પ્રેમલા સામે ગઇ પણ પતિને ન જોવાથી આવનાર કનકધ્વજને તેણે કહ્યું કે " તમે કોણ છો ? અહીં આવવામાં તમે ભૂલા પડ્યા જણાઓ છો ? આ તમારૂં મકાન નથી. માટે ચાલ્યા જાઓ. " પ્રેમલાનાં આવાં વચનો સાંભળી કનકધ્વજ બોલ્યો કે—" શું એક ઘડીમાંજ ભૂલી ગયા ? પરણેલા પતિને એક ઘડીના આંતરામાંજ ઓળખતા નથી ? આમ કરશો તો આગળ કેમ ચાલશે ? દેખાઓ છો તો રૂડા રૂપાળા પણ સમજણ તો કાંઇ જણાતી નથી; કેમકે ઘરે આવેલા પતિને પણ ઓળખતા નથી. " આમ કહીને તે પલંગપર બેઠો. એટલે જેમ વાઘને દેખીને ગાય છેટી ભાગે તેમ પ્રેમલા દૂર જઇને ઉભી રહી. ' ઉત્તમ કુસુમની બે ગતિજ હોય છે, કયાં તો તે મસ્તકે ચડે કે ભૂમિએ પડે ' તેમ ' સતિના શરીરની પણ બે પ્રકારનીજ સ્થિતિ હોય છે. કયાં તો તેને પતિ સ્પર્શે કે ક્યાં તો તેને અગ્નિ સ્પર્શે, તેની ત્રીજી ગતિ હોતીજ નથી. '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમલાને દૂર ઉભી રહેલી જોઇ કનકધ્વજ બોલ્યો કે–“ આમ છેટે શું ઉભા રહ્યા છો? અહીં આવો, બેસો, હસો, રમો, આનંદ કરો. આવો ઉત્તમ જોગ દૈવે મેળવ્યો છે તો તેનો લ્હાવો લ્યો. આ યૌવન તો ચાર દિવસનું છે, તેને જતાં વાર લાગશે નહીં; તો પહેલેજ સમાગમે આવું અતડાપણું શું રાખો છો? તમે સોરઠના રાજાની પુત્રી છો ને હું સિંહળ રાજાનો પુત્ર છું. આવો મેળો તો દૈવ તુષ્ટમાન થાય તોજ મળી શકે છે.” આ પ્રમાણે કહી ઉભો થઇને તે પ્રેમલાનો હાથ પકડવા ગયો એટલે તેને તરછોડી નાખી પ્રેમલા બોલી કે–“ અરે પાપી! દૂર ઉભો રહે. તું તો કુટેલા ઢોલ જેવો દેખાય છે. મારો પતિ તું નથી. તને આવો કુષ્ટી છતાં ભોંયરામાં શા માટે રાખ્યો? તારી જેવા પુત્રને જણતાં તારી માતા લાજી પણ નહીં? હવે તું અહીંથી ચાલ્યો જા. તને મૂર્ખને મોતીની માળા ધારણ કરવાની હોંશ થઇ જણાય છે પણ એમાં તારૂં કાંઇ વળે તેમ નથી. આ પલંગ પર બેસી જવાથી કાંઇ તું મારો પતિ થઇ શકે તેમ નથી. ઉંચા દેવમંદિરના સુવર્ણ કળશ પર બેસવાથી કાંઇ કાગડો ગરૂડ થઇ શકતો નથી. તું મને મળવા ઇચ્છે છે પણ પહેલાં તારો દેદાર તો જો. શા ઉપર એવી હોંશ કરે છે?”

આ પ્રમાણે રગઝગ થાય છે તેવામાં કુમારની ધાવમાતા કપિલા ત્યાં આવી અને બોલી કે–“ વહુ! આમ શું કરો છો? છેટા કેમ ઉભા છો? આ તમારો પતિ છે, તેની સાથે બેસો, તેમાં મારી લાજ રાખવાનું કારણ નથી. તે કહે તેમ કરો. વળી તમે કહો છો ‘કે આ મારો વર નથી’ તો વળી વર તે બીજો કોઇ થતો હશે?” કપિલાનાં આવાં વચન સાંભળી પ્રેમલા બોલી કે–“ તમે વૃદ્ધ થયા છો, મોઢામાં દાંત તો એકે રહ્યો નથી, માટે વિચારીને તો બોલો. આવી ખોટી વાત કર્યે કાંઇ વળવાનું નથી અને સતી એમ ભોળવાતી પણ નથી.” પ્રેમલાનાં આવાં વચન સાંભળી કપિલા બહાર નીકળી અને પોકાર કરતી બોલી કે–“ કોઇ દોડો, દોડો, કોઇ વિદ્યાવાળાને બોલાવો. આ પુત્ર તો તેની સ્ત્રીના અડવા માત્રથી એકાએક કુષ્ટી થઇ ગયો છે.” આમ કહીને તે રોવા ને કુટવા લાગી. આ વખતે સુર્યોદય પણ થયો હતો એટલે હિંસક, સિંહળ, કુંવરની માતા, સૌ દોડી આવ્યા. અને હાહાકાર કરવા લાગ્યા. માતા બોલી કે–“ અરે દીકરા! આ શું થઇ ગયું? આ કન્યા તો વિષકન્યા નીકળી.” પિતા કહે–“ અરે પુત્ર! તારૂં રૂપ જોવા દેશ વિદેશથી માણસો આવતા હતા તે એકાએક ક્યાં જતું રહ્યું? આ કન્યા તો ખરેખર તારી પૂર્વભવની વેરણ નીકળી. મારા શા ભોગ લાગ્યા કે મેં અજાણતાં તને તેની સાથે પરણાવ્યો!” આ બધું સાંભળી પ્રેમલા તો ચુપજ થઇ ગઇ. તેણે જાણ્યું કે–‘ અત્યારે બોલવામાં કાંઇ માલ નથી. આપણું સાચું બોલ્યું કોઇ સાંભળે કે માને તેમ નથી.’

ક્ષણવારમાં આ વાત રાજમંદિરમાં પહોંચી ગઇ એટલે તરતજ પ્રેમલાના પિતા ત્યાં આવ્યા અને તેણે પોતાના જમાઇને કુષ્ટી થયેલો જોયો. તેણે સૌને રોતાં કકળતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખ્યા અને શું થયું ? તે પૂછ્યું. ભોળો રાજા આ બધાના પ્રપંચને બીલકુલ કળી શક્યો નહિ. સિંહળ રાજાનો મંત્રી બોલ્યો કે–" એમાં કાંઇ કહેવાની વાત નથી. અહીં પરદેશમાં અમારી વાત કોણ સાંભળે એમ છે. તમે કુંવરને કામદેવ જેવો રૂપવંત રાત્રેજ જોયો છે. અમારા શા દુર્ભાગ્ય જાગ્યા કે અમે એને અહીં છતો કર્યો. તે તમારી પુત્રીના કરસ્પર્શથી એકાએક આવો કુષ્ટી થઇ ગયો. આ તમારી પુત્રી તો છીપમાંનું મોતી[1] જણાય છે! તો તેને તમારે ઘેર પાછી લઇ જાઓ ને જાળવી રાખો. અમારે એનો ખપ નથી. અમે સૌની સાક્ષીએ આ વાત કહીએ છીએ. એ કન્યા વિષકન્યા છે, કોઇ રીતે અમને હિત કરનારી નથી તેથી અમારે એનો ખપ નથી."

મકરધ્વજ રાજાએ આ બધી વાત સાચી માની એટલે તેને પુત્રી પર અત્યંત ક્રોધ ચડ્યો. તેથી તે તો તેને મારવાનેજ ધસ્યો. 'રાજા આવા દુબળાકના હોય છે.' તે વખતે કુષ્ટી વરે ઉઠી તેનો હાથ પકડી રાખ્યો ને કહ્યું કે–" આમ ક્રોધ કરશો નહીં. એમાં એનો દોષ નથી, તમારો દોષ નથી, મારા માતા પિતાનો દોષ નથી, દોષ મારા કર્મનોજ છે. માટે રોષ તજી દ્યો અને સ્ત્રીહત્યાનું પાતક કેટલું છે તે મનમાં વિચારો " આમ કહીને તેણે સસરાને ટાઢા પાડ્યા એટલે સસરા તો જમાઇ ઉપર બહુજ રીઝ્યા અને કહ્યું કે–" તમારા કહેવાથી કાંઇ કરતો નથી, નહીં તો હું તો એને હમણાંજ હણી નાખત."

પછી પ્રેમલાના પિતા પોતાના મકાન પર આવ્યા અને પોતાના સુબુદ્ધિ પ્રધાનને તેડાવી બધી વાત કરી. છેવટે કહ્યું કે–" અરે મંત્રી ! આ તો ચીભડામાંથી વરાળ ઉઠી ! પુત્રી વિષકન્યા નીકળી ! જમાઇ એક ક્ષણમાં કુષ્ઠી થઇ ગયો ! આવી પાપી પુત્રી આપણે ત્યાં કયાંથી જન્મી ?" સુબુદ્ધિ મંત્રી આ બધી વાત સાંભળી લઇને બોલ્યો કે–" હે રાજન્ ! આ તમને શું થયું છે ? હું એ વરને જોઇ આવ્યો છું. આ કુષ્ટ આજકાલનો નથી. આ તો જન્મનો કોઢ હોય એમ જણાય છે. તેનું શરીર આટલું બધું દુર્ગંધ મારે છે તે કાંઇ એક રાત્રીમાં બની શકે નહીં, માટે આ બધો પ્રપંચ જણાય છે, પુત્રી કિંચિત્ પણ દૂષિત નથી."

આ પ્રમાણે કહેવાથી પણ રાજાનો ક્રોધ શમ્યો નહીં. ત્યારે મંત્રીએ કહ્યું કે–" તમને ગમે તે કરો પણ પાછળથી પસ્તાશો." એટલામાં પ્રેમલા પોતાની માતા પાસે આવી; પણ તેના દુર્ભાગ્યના ઉદયથી માતાના મનમાં પણ તે વિષકન્યા છે એમ વસી ગયું એટલે તેણે તેને બોલાવી પણ નહીં. સન્માન આપવું તો દૂર રહ્યું પણ વાત પણ પૂછી નહીં. રાજાએ ક્રોધાયમાન થઇ તરતજ સેવક પુરૂષોને મોકલી ચંડાળને બોલાવ્યો અને તેને પુત્રી સોંપી દઇ તેનો વધ કરવા

[1] આ કટાક્ષવાણી વાક્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ્ઞા આપી. તે રાજપુત્રીને લઇને ચાલ્યો. તે વખતે બીજું કોઇ બોલી શક્યું નહીં; પણ મંત્રીએ રાજાને ફરીને પણ સમજાવ્યા. પણ રાજા કોઇ રીતે સમજ્યા નહીં.

રાજપુત્રીને લઇને સ્મશાન જતાં માર્ગે ચૌટામાં ચંડાળ આવ્યો એટલે મહાજનને તે વાતની ખબર પડી. મહાજને એકઠા થઇ ચંડાળને પાછો વાળ્યો અને રાજપુત્રીને લઇને મહાજન રાજા પાસે આવ્યું. મહાજને રાજાને કહ્યું કે–" હે મહારાજ ! આમ અવિચાર્યું કામ કેમ કરો છો ? જમાઇ કુષ્ટી થયો તેમાં પુત્રી શું કરે ? માટે પંચનું વચન કબુલ રાખી પુત્રીને જીવિતદાન આપો. તેનો ગુન્હો માફ કરો. ગમે તેવું પણ તે આપનું ફરજંદ છે તો તેના ઉપર આટલો બધો કોપ ન કરવો જોઇએ. પરદેશી અને દુર્જનોની વાત ઉપર એકદમ ભરૂસો રાખી શકાય નહીં." આ પ્રમાણે મહાજને બહુ રીતે રાજાને સમજાવ્યા પણ ક્રોધ ભુજંગમનું વિષ તેને એટલું બધું ચડ્યું હતું કે કોઇ રીતે ઉતર્યું નહીં. મહાજનનું કહેવું રાજાએ માન્યું નહીં એટલે સૌ નિરાશ થઇને પોતપોતાને ઠેકાણે ગયા.

રાજાએ માતંગને તાકીદ કરી કે–" તું મારી આજ્ઞામાં વિલંબ કેમ કરે છે ? જલદી એને લઇ જા અને એ વિષકન્યાનો અંત લાવ." માતંગે રાજાની આજ્ઞા પ્રમાણે કરી અને પ્રેમલાને લઇને ચાલ્યો. આખી નગરીમાં હાહાકાર થઇ ગયો. ચંડાળ પ્રેમલાને વધભૂમિએ લઇ ગયો. પછી વધસ્થાનકે તેને બેસાડીને તરવાર કાઢી પ્રેમલાને કહ્યું કે " તારા ઇષ્ટદેવનું સ્મરણ કર. કારણકે હું હવે રાજાના હુકમનો અમલ કરીશ. હે રાજપુત્રી ! મારા આ નીચ જાતિના જન્મને ધિક્કાર છે ! કે જેથી આવા સ્ત્રીરત્નનો મારે વિનાશ કરવો પડે છે. પણ એમાં મારો કાંઇ ઉપાય નથી. અમે તો રાજાની આજ્ઞાના કરવાવાળા છીએ. પૂર્વના પાપથી અમે આવા નીચ કુળમાં ઉત્પન્ન થયા તેથી આવું પાપ કરવાનું અમારે ભાગે આવ્યું. અહીં પાપ કરીને વળી કયાં દુર્ગતિમાં જશું તેની કાંઇ ખબર પડતી નથી. પેટને અર્થે અમારે આવું મહાન પાપ કરવું પડે છે. માટે હે બ્હેન હવે તું તારો ધર્મ સંભાર." ચંડાળનાં આવાં વચનો સાંભળીને તેમજ ઉઘાડી કરેલી તરવારને જોઇને પ્રેમલા બીલકુલ ભય પામી નહીં. તે તો સામી ખડખડ હસી. તેણે પિતાનો કે ચંડાળનો વાંક કાંઇ ગણ્યોજ નહીં; પોતાના કર્મનોજ વાંક ગણ્યો. તેણે ચંડાળને કહ્યું કે–" તમે ખુશીથી રાજાના હુકમનો અમલ કરો, તેમાં વિલંબ કરવાની જરૂર નથી." રાજપુત્રીની આવી ધીરજ જોઇને ચંડાળ વિસ્મય પામ્યો. તે છેટે જઇને ઉભો રહ્યો. તેણે પ્રેમલાને પૂછ્યું કે–" તમે હસો છો કેમ ?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રેમલા બોલી કે–" તે વાત અહીં કહેવા જેવી નથી. રાજા પૂછે તો કહું. અહીં મારી કહી શા કામમાં આવે ? રાજાએ મને કાંઇ પૂછ્યું નહીં, મારી વાત સાંભળી નહીં અને કોઇના ભોળવવાથી ભોળવાઇ ગયા. આ વાતજ મને બહુ ખટકે છે. પણ તેનો ઉપાય શો ? મારી વાત સાંભળે તો તેને બધી ખરી હકીકત સમજાય. " ચંડાળને ગળે આ વાત ઉતરી. એટલે તે રાજપુત્રીને બીજાને સોંપી મંત્રી પાસે આવ્યો, અને કહ્યું કે–" હે મંત્રીશ્વર ! રાજપુત્રી આપણા રાજાને મળીને કેટલીક વાત કરવા ઇચ્છે છે. તેની વાત તો સંભળાવો. તમે કોઈ રીતે રાજાજીને સમજાવો અને પ્રેમલા બ્હેન વિષકન્યા નથી એવી ખાત્રી આપો. મેં એ વાતની ચોકસ ખાત્રી કરી છે. માટે આમ વગર વિચાર્યું કામ તમે કરવા દ્યો નહીં. પરદેશી માણસોપર ભરૂંસો રાખવાથી પાછળ બહુ પસ્તાવું પડશે. "

મંત્રી તરતજ રાજા પાસે ગયો અને રાજાને કહ્યું કે–" હે સ્વામી ! તમે કોપને શાંત કરો અને પુત્રીનો ખુલાસો સાંભળો. એકદમ વગરવિચાર્યું ન કરો. પછી બગડી વાત સુધરશે નહીં. પરદેશી ઉપર વિશ્વાસ ન રાખો. અને એ વિષકન્યા નથી, છતાં તમને વિષકન્યા લાગતી હોય તો પડદે રાખીને તેની વાત સાંભળો; પણ આમ ઉતાવળ ન કરો. ગમે તેવી ભુંડી પણ તે આપની પુત્રી છે. " મંત્રીના અત્યંત આગ્રહથી રાજાએ તેની વાત સાંભળવાનું કબુલ કર્યું પણ કહ્યું કે–' તેને મારી નજરે લાવશો નહીં. ' મંત્રીએ તે વાત કબુલ કરી, રાજપુત્રીને તેડાવી અને આડો પડદો બંધાવી તેને બેસાડી. પછી રાજા પડદા પાસે આવીને બેઠા એટલે મંત્રીએ તેમની આજ્ઞા લઇને પ્રેમલાને કહ્યું કે–" તારે કહેવું હોય તે કહે અને બધી વાતનો ખુલાસો કર. "

મંત્રીદ્વારા રાજાનો આ પ્રમાણેનો આદેશ મળતાં પ્રેમલા બહુ હર્ષિત થઇ. તેણે કહ્યું કે–" હે પિતાજી ! તમારી પાસે હું એક શબ્દ પણ અસત્ય નહીં બોલું. જે પ્રમાણે હકીકત બની છે તે આપ સાંભળશો એટલે આપને મારા નિર્દોષપણાની ખાતરી થશે."

હવે પ્રેમલા પોતાના હૃદયની સર્વ વાત રાજા અને મંત્રી પાસે પ્રગટ કરશે અને તે સાંભળવાથી હિંસક મંત્રી વિગેરેના પ્રપંચની વાત પ્રકાશમાં આવશે. આપણે એ હકીકત હવે પછીના પ્રકરણમાં વાંચશું. હાલ તો અણીનો વખત ચુકયો છે. ચંડાળની તરવાર પ્રેમલાના કંઠપર પડતી અટકી છે. અહીં ' અણીનું ચુકયું સો વરસ જીવે ' એ કહેવત આપણે યાદ કરવાની છે. અને આગળ જે હકીકત આવે છે તે સાંભળવા તત્પર રહેવાનું છે. હાલ તરત તો આ પ્રકરણમાંથી સાર શું ગ્રહણ કરવાનો છે તે વિચારીએ ને તેને હૃદયમાં ધારણ કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રકરણ ૧૨ માનો સાર.

ચંદરાજા ગયા ને હિંસક મંત્રીએ પ્રેમલાને અટકાવી એટલે વિચક્ષણ પ્રેમલા તરત સમજી ગઈ કે આમાં કાંઇક પ્રપંચ છે; પરંતુ પારકું ઘર, સ્વસુર પક્ષનો સમુદાય, પોતે એકલી, એટલે કોને કહે ને કયાં જાય? વળી પ્રથમજ રાત્રી એટલે શરમ પણ રાખવી જોઇએ. ચંદને કાઢીને તરત કનકધ્વજને ત્યાં લાવવામાં આવ્યો અને પ્રેમલાના અંતઃપુરમાં તેને મોકલ્યો. પ્રથમ તો પતિ આવ્યા જાણી પ્રેમલા ખુશી થઇ, પણ પછીથી રત્નને બદલે કાચને આવતો જાણી તે તરતજ ખસી ગઇ. કનકધ્વજે આવતાંજ પ્રેમ બતાવવા માંડ્યો પણ પ્રેમલા પ્રથમ તો કોઈ માણસ ભૂલથી આંહી આવ્યું છે એમ સમજી. પછી તેના વચન-દ્વારા જ્યારે પ્રપંચ સમજાયો ત્યારે તેણે શુદ્ધ સતીપણું બતાવી આપ્યું. અહીં કર્ત્તા કહે છે કે–' સર્પના માથાનો મણિ વખતપર કોઇ લઇ શકે અને કેશરી સિંહની કેશરા પણ તોડી શકે, પરંતુ સતી સ્ત્રીના શિયળનો ભંગ કરવો તો દૂર રહ્યો પણ તેને સ્પર્શ સુધાં કરી શકે નહિ. પ્રેમલાએ તેને દૂર રહેવા કહ્યું એટલે તે થરથર્યો. ખોટાનું કેટલું જોર? તે મોળો પડ્યો, એટલામાં તેને મદદ કરવા તેની ધાવમાતા આવી. પણ તેને તો પ્રેમલાએ પહેલે સપાટેજ સમજાવી દીધી. એટલે તેણે પોકાર કર્યો. અહીં પ્રપંચ નાટકનો પડદો ઉઘડે છે અને પ્રેમલાના દુર્ભાગ્યનો પણ પડદો ઉઘડે છે. કનકધ્વજના માતા પિતા વિગેરે પ્રપંચની જાળ પાથરે છે. તે બધા પાત્ર બને છે અને હિંસક સૂત્રધાર થાય છે. વાત સાંભળીને મકરધ્વજ રાજા ત્યાં આવે છે એટલે હિંસક તેને પ્રપંચ જાળમાં સપડાવી લે છે. ભોળો રાજા જરા પણ વિચાર કરતો નથી અને એકદમ પુત્રીને મારી નાખવાનું સાહસ કરવા જાય છે. એટલે જમાઈરાજ બનેલા કનકધ્વજ પોતાનું દયાળુપણું બતાવે છે. રાજા તે વખત પણ છેતરાય છે.

મકાનપર આવીને રાજા મંત્રીને વાત કરે છે. મંત્રી વિચક્ષણ હોવાથી તરતજ હિંસક વિગેરેની પ્રપંચ જાળ ત્રોડવાનો પ્રયત્ન કરે છે. તે રાજાને બહુ રીતે સમજાવે છે પરંતુ વ્યુદ્ગ્રહિત ચિત્તવાળો રાજા કોઇ રીતે સમજતો નથી. મંત્રી કાયર થાય છે. પુત્રી પિતાના કોપની હકીકત સાંભળી માતા પાસે આવે છે. પુત્રીને ગમે તેવા દુઃખમાં પણ માતા આશ્વાસન આપે છે, પરંતુ અહીં પ્રેમલાના દુર્ભાગ્યના પ્રબળ ઉદયથી માતા પણ ફરી બેસે છે. એટલે રાજા પોતાના કોપનું તાત્કાળિક ફળ આપવા તૈયાર થાય છે.

અહીં ક્રોધ શું કરે છે? તે વિચારવા યોગ્ય છે. ક્રોધ જ્યારે ખરેખરો તેના રૂપમાં આવે છે, ત્યારે તે કૃત્યાકૃત્યને ભૂલાવી દેછે, અકાર્ય કરાવે છે, ભાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલાવે છે, આંખો મીંચાવી અંધ બનાવે છે, અવાચ્ય શબ્દો બોલાવે છે અને જાણે પિશાચે પ્રેરિત હોય તેવી સ્થિતિમાં લાવી મૂકે છે. આવેશ તો દરેક ખરાબ છે; પરંતુ ક્રોધનો, કામનો અને લોભનો આવેશ તો અત્યંત ખરાબ છે. તે કર્ત્તવ્ય અકર્ત્તવ્યનું ભાન રહેવા દેતા નથી, માટે તેમાંના કોઇપણ આવેશને વશ તો કદી પણ થવું નહીં. તેને આવતા રોકવા-વધવા દેવા નહીં, કદી વૃદ્ધિ પામે તોપણ તેનું ફળ તો બેસવા દેવુંજ નહીં, લાંબો વખત તેને ટકવા દેવા નહીં, ક્રોધ જો કે માનસિક વિકાર છે, પરંતુ તેનો આવેશ આવે ત્યારે આંખો ફરી જાય છે, લાલચોળ થઈ જાય છે, શરીર પણ તપે છે અને જ્વરવાળા જેવી સ્થિતિ થઈ જાય છે. આવા અધ્યવસાય વર્તતા હોય ત્યારે કર્મબંધ કેવો કલીષ્ટ થાય છે તે વિચારવા યોગ્ય છે. તેના ફળ અત્યંત કડવાં જ્યારે ભોગવવાં પડે છે ત્યારે તેની ખબર પડે છે. અહીં જુઓ ! મકરધ્વજરાજા ક્રોધાંધ થવાથી પોતાની પુત્રીની હકીકત પણ સાંભળતો નથી, તેને પૂછતો પણ નથી, અને તેના ગુન્હાની શિક્ષા થોડી ઘણી નહિ પણ દેહાંત દંડનીજ આપી દેવા તૈયાર થાય છે. બુદ્ધિમાન્ મંત્રી ઘણો કચવાય છે, પરંતુ તેનું ચાલી શકતું નથી. રાજા સેવકોને મોકલી ચંડાળને બોલાવે છે અને તેને પુત્રીને લઇ જઇ મારી નાખવા સોંપે છે. જુઓ ક્રોધનું પરિણામ ! વાંચકો ! તમે પણ કોઇ વખત ક્રોધના આવેશમાં આવી અવિચાર્યું કામ કર્યું હશે ને પાછળથી પસ્તાયા હશો. તે યાદ લાવશો અને ફરીને તેવા આવેશમાં ન આવવાની પ્રતિજ્ઞા કરશો. અહીં તો પ્રેમલાનું આયુષ્ય બળવાન છે તેથી તેનો પ્રાણવિનાશ થતો નથી, પરંતુ રાજા પોતાના અધ્યવસાયથી તો તે કરીજ ચુક્યો છે. પોતાના ફરજંદનો વિનાશ કરવામાં પણ જે ક્રોધ પાછું વળીને જોવા દેતો નથી તે અન્ય મનુષ્યનો કે સેવકાદિનો વિનાશ કરવામાં તો શું વિચાર કરે ? જુઓ! મહાવીર ભગવંત ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી શય્યાપાળક ઉપર કોપાયમાન થયા અને તેના કાનમાં સીસાનો ઉનો રસ રેડાવી તેનો દેહાંત કરી નાખ્યો. તે વખત તો કોપના આવેશમાં તે પાપ લેખામાં ન ગણ્યું પણ મહાવીર ભગવંતના ભવમાં તે કર્મ જ્યારે ઉદયમાં આવ્યું ત્યારે તેના વિપાક કેવા દુઃખદાયક ભોગવવા પડયા ! શય્યાપાળક ગોવાળ થયો અને તેણે ભગવંતના બંને કાનમાં ખીલા ઠોકી તેની આણીઓ મેળવી દીધી. તેમજ બહારથી છેડા કાપી કોઇ દેખે નહી એમ કરી દીધું. ભગવંતનું સંઘયણ વજ્રઋષભનારાચ હોવાથીજ તેઓ બચ્યા; જો નબળું સંઘયણ હોય તો તેનો દેહાંતજ થઈ જાય. તે ખીલા જ્યારે કાઢવામાં આવ્યા ત્યારે એટલી બધી પીડા થઇ કે ભગવંત જેવા મહાન્ સહનશીલ મહાત્માથી પણ ચીસ પડાઇ ગઇ. તીર્થંકર જેવા સર્વોત્કૃષ્ટ પુરૂષને પણ જો કર્મના કટુક ફળ ભવાંતરમાં ભોગવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે તો પછી આપણી જેવા પામરનો તો શો આશરો ! કેમકે તેમણે તો નંદન ઋષિના ભવમાં એક લાખ વર્ષ પર્યંત સતત્ માસખમણ કરીને પૂર્વે સંચેલા પુષ્કળ કર્મોનો ક્ષય કરી નાખ્યો હતો. આપણી કર્મ ખપાવવાની તેવી શક્તિ નથી. માટે સુજ્ઞ બંધુઓ ! કર્મ બાંધતાંજ વિચાર કરજો. આવેશમાં આવશોજ નહીં અને કદિ આવેશ આવી જાય તો સત્વર તેથી પાછા ઓસરજો કે જેથી તમારાથી અકાર્ય થઇ જાય નહીં.

અહીં ચંડાળ પ્રેમલાને લઇ ચૌટામાં થઇને જાય છે એટલે મહાજનમાં તે હકીકત જાહેર થાય છે. મહાજન એકઠું મળે છે અને ચંડાળને પાછો વાળી રાજાને સમજાવવા જાય છે. માતા પિતા વિફરે ત્યારે મહાજનનું શરણ લેવાની ઘણી જગ્યાએ પ્રવૃત્તિ છે. અને મહાજનનું માન પ્રજાવર્ગ રાખે તેમાં શું નવાઇ પણ રાજાને પણ રાખવું પડે છે. મહાજન મળીને કોઇપણ પ્રકારની અરજ કરવા આવે તો રાજાએ તેના ઉપર તાત્કાળિક ધ્યાન આપવુંજ પડે છે. અત્યારે પણ ઘણા દેશી રાજ્યોમાં તેવી પ્રવૃત્તિ છે. નામદાર સરકાર પણ રૂપાંતરથી મહાજનના એટલે પ્રજાસમુદાયના કહેવા ઉપર ધ્યાન આપે છે. મકરધ્વજ રાજાને મહાજને ઘણું સમજાવ્યા પણ હજુ આવેશ શમેલો ન હોવાથી તેણે તેની ઉપર પણ ધ્યાન આપ્યું નહીં. જુઓ! આવેશ કેવો કનીષ્ટ છે ! મહાજન ધારત તો તે વખતેજ રાજાની આજ્ઞાનો અમલ થવા ન દેત પણ તે વખત હજુ પ્રેમલાની ભવિતવ્યતા વિપરિત હોવાથી તેમના મનમાં તેમ આવ્યું નહીં. એટલે તેઓ સૌ પૃથક્ પૃથક્ વિખરાઇ ગયા. રાજાએ ફરીને ચંડાળને તાકીદ આપી એટલે તે પ્રેમલાને લઇને વધભૂમિએ પહોંચી ગયો, પ્રેમલાને વધ સ્થાનકે બેસાડી અને મ્યાનમાંથી તરવાર બહાર પણ કાઢી. હવે માત્ર તેના પ્રહાર જેટલોજ વિલંબ હતો.

કહેવત છે કે ‘ જેને રામ રાખે તેને કોણ ચાખે ? ’ અર્થાત્ જેની દૈવ રક્ષા કરનાર છે તેનો વિનાશ કોઇ કરી શકતુંજ નથી. ચંડાળે રાજપુત્રીને ઇષ્ટદેવનું સ્મરણ કરવાની સૂચના કરી અને પોતાનું નિર્દોષપણું જાહેર કર્યું. આવા પ્રાણાંત કષ્ટવાળા સમયે પણ પ્રેમલા કિંચિત્ ભયભીત ન થતાં ઉલટી હસી પડી. એટલે ચંડાળને આશ્ચર્ય થયું કે અત્યારે રોવાને બદલે આ હસે છે કેમ ? ચંડાળે તેનું કારણ પૂછ્યું એટલે પ્રેમલાએ ઉત્તર આપ્યો કે—“ મને મરણનું દુઃખ નથી થતું; પણ મારા પિતા એક સામાન્ય માણસની પણ અરજ સાંભળે છે તે, મને મારા ગુન્હાની શિક્ષા કરતાં કાંઇ પૂછતા પણ નથી. એથી આશ્ચર્ય થાય છે અને તે કારણથીજ તેમના ભોળાપણાને માટે મને હસવું આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. હવે જે બન્યું તે ખરૂં. તું તારે રાજાની આજ્ઞાનો અમલ ખુશીથી કર.” આ વખતે તેનું દુષ્કર્મ પૂરૂં ભોગવાઇ રહે છે એટલે ભવિતવ્યતા પાછી ફરે છે. ચંડાળના મનમાંજ એમ થાય છે કે ‘આપણે હજુ એક વાર પ્રયત્ન કરીએ ને રાજપુત્રી બચે તો બચાવીએ.’ તે મંત્રી પાસે જાય છે અને બધી વાત કરે છે. તે તો રાજાના અપકૃત્યથી ખેદ પામેલોજ હતો અને ચિંતાગ્રસ્ત બેઠો હતો. તેના મનમાં પણ ચંડાળની વાત વસી અને એક વાર રાજાને કહી જોવાની ઇચ્છા થઇ. તે રાજા પાસે ગયો ને રાજાને કહ્યું કે ‘એક વાર તમે પ્રેમલાની વાત તો સાંભળો. પછી તેનું ગમે તેમ કરજો, તે કયાં ભાગી જવાની છે.’ આ વખતે રાજાનો આવેશ શાંત થયેલો હોવાથી તેમજ પ્રેમલાના દુષ્કર્મની સ્થિતિ પૂર્ણ થયેલી હોવાથી તે મંત્રીનું વચન માન્ય કરે છે. પણ હજુ પ્રેમલા વિષકન્યા છે એમ માની તેનું મોઢું જોવાનો તો નિષેધજ કરે છે. રાજાની આજ્ઞા થવાથી પ્રેમલાને વધભૂમિથી પાછી રાજમહેલમાં લાવવામાં આવે છે અને પરીયંચને અંતરે તેને બેસાડી તેની વાત સાંભળવાની શરૂઆત થાય છે. પ્રેમલા પહેલી પીઠીકાજ એવી બાંધે છે કે–‘હે પિતાજી! હું તમારી પાસે એક શબ્દ પણ અસત્ય નહીં કહું.’

હવે પ્રેમલા પોતાની તરફથી તમામ હકીકત પ્રકટ કરશે અને મંત્રી તરફથી સવાલ જવાબ થયા બાદ રાજાને ગળે તે વાત ઉતરશે. પછી રાજા શું કરશે? તે આપણે હવે પછીના અંકમાં ને નવા પ્રકરણમાં વાંચશું. આ અંકમાં તો આપણે પ્રપંચીની પ્રપંચ જાળ બીછાવવાની બહાદુરી અને ભોળા માણસનું તેમાં સપડાઈ જવું, ક્રોધનો આવેશ અને તેથી કૃત્યાકૃત્યને ભૂલી જઇ અકાર્ય કરવા તત્પર થવું–આ બધું જોયું. તે સાથે દુષ્કર્મના ઉદયમાં અને તેની સ્થિતિ પૂરી થયા પછી તેનો કેવો અમલ થાય છે તે પણ જોયું. આયુષ્ય બળવાન્ હોય છે તો માથા પર પડવાને તૈયાર થયેલી તરવાર પણ પાછી હઠે છે અને મૃત્યુના મુખમાં આવી પડેલ માણસ પણ બચી જાય છે તે પણ જોયું. આટલા ઉપરથી આપણે જે શિક્ષણ લેવાનું છે તે એ છે કે–કોઇના જીવિતનો પણ સંદેહ થાય અથવા જીવિતનો વિનાશ થાય એવી પ્રપંચ જાળ ન પાથરવી, અત્યંત ભોળા ન થવું, કોપના આવેશમાં ન આવવું અને જેના માઠા વિપાક ભોગવવા પડે તેવા દુષ્કર્મ ન બાંધવાં. આટલું શિક્ષણ જો બરાબર લેવામાં આવશે તો લેખકનો પ્રયાસ સફળ થશે. આ પ્રકરણનું રહસ્ય અહીં સમાપ્ત કરવામાં આવે છે અને હવે પછીના પ્રકરણમાં પ્રેમલાલચ્છીનું નિર્દોષપણું જણાવાની અને પ્રપંચીઓને પોતાના પ્રપંચનો ભોગ થઈ પડવાની હકીકત વાંચવા તત્પર રહેવાનું સૂચવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जैन बंधुओने खास ध्यान आपवा लायक

# जाहेर खबर.

आम जैन कोमकुं विदित हो के आजकाल कितनेक ढोंगी लोको संवेगी साधुका नामसें पीला कपडा पहेरकर लोकोंको फसाते हे. इस वास्ते इस ढोंगीयोसें अलग रहना चाहीए.

ठराव १. कोइ पण एकला साधुको याने भ्रष्टाचारीयों आचारहीनकों चोमासाकी विनंति नहि करना.

ठराव २. ऐसा साधुओके वास्ते इनका गुरु ओर समुदायका दुसरा साधुओंकी अनुमति लीया विदुन चोमासा विगराहकी विनंति नहि करना.

ठराव ३. ऐसा साधुओका गये वर्षका चोमासा किस गांवमे हुवेथे उस गांवकी संघ ओर पंचकी चीठीपत्री मंगवाके खात्री करके वर्ताव करना चाहीजे.

ठराव ४. किसीवी टीप ओर खाताका पैसे भेला करके साधुओके सुप्रत करना नहि. जहांके लीए टीप हुइ हो वहां भेज देना चाहीजे.

इस ठरावकी नकलो मंदिर, उपासरा, धर्मशालाकी दीवालो पर लगा देना. ताके आम लोकोकुं फायदा हो.

एक जैन.

## धैर्य.

સંપત્તિમાં છલકાય જે, વિપત્તિથી ગભરાય; મુરખ કાયર જાણીએ, તે નર દુખીઆ થાય. ૧
એક દિવસના સૂર્યની, ઉભય ગતિ દેખાય; ઉદય થાય પરભાતમાં, અસ્ત સાંજરે થાય. ૨
કાળચક્રનાં ઉભય પડ, અસ્તોદય કહેવાય; પ્રાણીમાત્ર કણરૂપ જે, અહનિશ ત્યાં ભરડાય. ૩
દયા માંકડીમાં રહ્યો, ધર્મ ખીલડો ત્યાંય; ધૈર્ય ધર્મ અવલંબને, કણજીવ નવ પીસાય. ૪
સુખને છેડે દુઃખ પડે, દુઃખ પછી સુખ થાય; જે સ્થળ છાંયો દેખીએ, ફરી ત્યાં તાપ તપાય. ૫
જ્યાં ભરતી ત્યાં એટ છે, જળ ત્યાં સ્થળ નિરધાર; કાળતણી ગતિ કારમી, હર્ષ શોક નવ ધારે
સંકટ આવે સંકડો, ધીરજ ધરે સુજાણ; મુરખજન મુંઝાઈ મરે, ભૂલે ભાન નિદાન. ૭
સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ; ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ. ૮
વિશ્વવિષે વસનારને, સુખ દુઃખ પડે અપાર; ધૈર્યધર્મથી સુખ મળે, જેમ રતિસાર કુમાર. ૯
સત્યવાદી હરીચંદ ને, પાંડવ પ્રમુખ અનેક; કષ્ટ નિવાર્યું ધૈર્યથી, સાંકળચંદ ધરી ટેક. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઝવેરી નાનચંદ ઝવેરચંદ વિગેરેની ઉપર સુરતમાં જે કેસ ફરીયાદી માણેકલાલ ઘેલાભાઈ તરફથી ચલાવવામાં આવતો હતો અને જે કેસ આરોપીઓને નિર્દોષ ઠરાવી કાઢી નાખવામાં આવ્યો છે તે કેસના ફેસલામાં પન્યાસજી આણંદસાગરજીના સંબંધમાં મેજીસ્ટ્રેટે બતાવેલો અભિપ્રાય.

---

પં. આણંદસાગરજી ઉંચા દરજ્જાની બુદ્ધિ ધરાવે છે. એવણને ફરીયાદીએ પ્રથમ તો સાક્ષી તરીકે તપાસવા કમીશન કાઢવાની કોર્ટને અરજ કરી હતી. એમ છતાં કોર્ટને કમીશન કઢવાનું કંઇ કારણ જણાયું નહીં, અને તે પ્રમાણે ફરીયાદીને જણાવવામાં આવ્યું. એ ઉપરથી તેણે તેવણની સાક્ષી ઉપરથી હાથ ઉઠાવ્યો. પરંતુ પં. આણંદસાગરજીએ આ તકરારી વિષયમાં વિશિષ્ટ ભાગ લીધેલો હોવાથી તેમજ આ કેસને અંગે ઉત્પન્ન થતા ઘણાએક મુદ્દાઓ પર એમનો અભિપ્રાય ઘણોજ કિંમતી જણાયાથી કોર્ટે પોતે મહારાજશ્રીને સાક્ષી તરીકે બોલાવવાનું ઉચીત ધાર્યું હતું. જૈન સંપ્રદાયમાં સાધુ તરિકેની દીક્ષા અંગીકાર કરવા આગાઉ કેટલાક વ્રત ગ્રહણ કરવા પડે છે, જેમાં "જુઠું ન બોલવું" એ વ્રત પણ હોય છે. પં. આણંદસાગરજીની આપી જુબાની બતાવી આપે છે કે તેમણે પોતાના એ વ્રતનો કિંચિત્ માત્ર પણ ભંગ કીધો નથી કે એ વ્રતને અતિચાર લાગે એવું પણ કંઈ કીધું નથી. કોઇ પણ પક્ષની ગણના કે દરકાર કર્યા વિના તેમણે હિંમતથી સઘળું સાચેસાચું કહ્યું છે. ("He has boldly told the whole truth irrespective of party considerations") તેમને જેજે સવાલો પુછવામાં આવતા તેના તમામ જવાબો ઘણીજ તત્પરતાથી અને પ્રમાણીકપણે સરલતાથી આપવામાં આવતા. તે પોતાના અભીપ્રાયોમાં દ્રઢ છે અને તે અભીપ્રાયોના વ્યાજબી રદીઆ આપે છે.

તેવણ કહે છે કે નગરશેઠે સંઘ ન બોલાવ્યો માટે સંઘ પોતે તા. ૧૮–૬–૧૧ ને રોજ મળ્યો. દરેક આરોપીએ તે મીટીંગમાં શું શું ભાગ લીધો તે તેવણ કહી શકતા નથી. $\frac{111}{9}$ (તા. ૩૦ મી મે ૧૯૧૧ નો દેશી મીત્રનો વધારો) અને $\frac{111}{14}$ (તા. ૧૮ જુન ૧૯૧૧ નો દેશી મીત્રનો વધારો) માં પ્રગટ થયેલો અને સભાનો અહેવાલ ખરો છે. ખાનગીની વાત કેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતી મુકાઈ અને ફરીયાદીએ કોર્ટમાં તેમના સામા પગલાં ભરવાને કેવા પ્રકારની ધમકી આપી હતી તે હકીકત તેમણે કહી છે.

તેત્રણ રાયચંદ, લાલન, શીવજીને ધર્મ ઉથલાવનારા માને છે. ફરીયાદી પડદા પાછલ રહીને તેમાં સામેલ થયેલ છે. વળી તેત્રણ લાલન, શીવજી, માણેકલાલ ને રાયચંદ મતના ગણે છે. સંઘ બોલાવવાના રીવાજ અને સંઘના ઉદ્દેશો વિષે આણંદસાગરજીએ આપેલા અભિપ્રાય મોટા કિંમતી વજનને પાત્ર છે. જ્યારે તેત્રણ કહે છે કે "ફરીયાદી સંબંધે જે કંઇ કીધું છે તે ઇર્ષ્યા ખાતર નહીં પરંતુ ધર્મને માટે શુદ્ધ બુદ્ધિથી કીધું છે." ત્યારે તે વાતમાં લેશ માત્ર પણ શંકા રહેતી નથી. તેમાં શંકાની છાયા પણ નથી. પં. આણંદસાગરજી રાયચંદને મૂર્તિ ઉત્થાપક ( Iconoclast-one who attacks cherished beliefs ) ગણે છે. તે નવો ધર્મ ચલાવવા માગતો હતો. તેનો મત અને ચોપડીઓ જૈન ધર્મ વિરૂદ્ધના છે. સુરતના ચતુર્વિધ સંઘે તા. ૨૮-૮-૧૦ ને રોજ ઠરાવ કીધો છે કે રાયચંદના પુસ્તકો શાસ્ત્ર વિરૂદ્ધ છે માટે વાંચવા નિષેધવામાં આવે છે.

---

## નવા મેમ્બરોના નામ.

### લાઇફ મેમ્બર.

| | |
|---|---|
| શેઠ રતનચંદ તલકચંદ. | મુંબઈ |
| શા. જગજીવનદાસ નેમચંદ. | રાણપુર |

### મેમ્બર.

| | | |
|---|---|---|
| શા. પરશોતમ જગજીવન. | ભાવનગર | પેલો વર્ગ. |
| શા. ભગવાનજી ઝવેરચંદ. | ધોરાજી | " |
| શા. ત્રીભુવન ભીખાભાઈ. | ભાવનગર | " |
| શા. ભગવાન માણેકચંદ. | ભાવનગર | બીજો વર્ગ. |

For Private And Personal Use Only